Thursday
18.05.2023
વિશ્વાસથી વિકાસ યાત્રા
✻Volume :7 ✻ Issue No.289
✻Email.: kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✻Managing Editor: Arjun Sondarva ✻Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી મિશન મોડ્યાં: કૃષિના નવા યુગનો પ્રારંભ થયો છે: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,
ગો સેવા ગતિવિધિ – વડોદરા વિભાગના યજમાન પદે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના બાણજ ગામમાં યોજાયેલા ગૌ કૃષિ સંગમ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિને કૃષિના નવા યુગનો પ્રારંભ ગણાવી પ્રગતિશીલ ખેડૂતોને પ્રકૃતિ તરફ પ્રયાણ કરવા આહ્વાન કર્યું હતું. વર્તમાન સમયમાં ખેતીમાં વધુ પડતાં રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગથી મનુષ્ય અને જીવસૃષ્ટિમાં રોગનું પ્રમાણ વધી રહ્યું છે,ત્યારે તેમાંથી મુક્ત થવા ખેડૂતો પંચગવ્ય અને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે હેતુથી આયોજીત 'ગૌ કૃષિ સંગમ' કાર્યક્રમમાં રાજ્યપાલશ્રી ઉપસ્થિત રહ્યા હતા. રાસાયણિક ખેતીની વિપરીત અસરો, ખેતીમાં જંતુનાશકોના ઉપયોગનો વિષપ્રભાવ અને તેનાથી આવનારા દુષ્પરિણામોગણાવતારાજ્યપાલશ્રી એ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને રાસાયણિક ખેતીના દુષ્પરિણામોથી મુક્તિ મેળવવાનો સૌથી મજબૂત વિકલ્પ ગણાવ્યો હતો. રાસાયણિક કૃષિને પ્રકૃતિ સાથે માનવજાતિ માટે કષ્ટદાયક ગણાવી તેમણે ખેડૂતો માટે નુકસાનકારક અને ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે ખેતીમાં યુરિયા, ડી.એ.પી, જંતુનાશકોના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા તો ક્ષીણ થાય છે, સાથે જ સમાજમાં કેન્સર, ડાયાબિટીસ, હઇયરોગ જેવા અસાધ્ય રોગો ફેલાતા હોવાનું ગંભીરતાથી જણાવી આ વિષચક્રમાંથી ખેતી અને ખેડૂતોને બચાવવાનો મજબૂત અને શ્રેષ્ઠ વિકલ્પ પ્રાકૃતિક કૃષિ હોવાનું મક્કમપણે કહ્યું હતું. કૃષિ સંદર્ભે પોતાના જાહેર અને અંગત જીવનના રસપ્રદ ઉદાહરણો આપીને રાજ્યપાલશ્રીએ પોતાના ઉદબોધનમાં પ્રાકૃતિક ખેતીનો મહિમા વર્ણવ્યો હતો. પ્રાકૃતિક કૃષિ કઈ રીતે કરવી, જીવામૃત-ઘન જીવામૃત અને પ્રાકૃતિક ખાતર કઈ રીતે બનાવવું, સહિતના અનેક પાસાઓ પર તેમણે પોતાના વિચારો વ્યક્ત કરીને ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગે માહિતીસભર તલસ્પર્શી જ્ઞાન અને માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિને ખેડૂતો અને ખેતી સાથે જ સમગ્ર માનવજાતિના સર્વાંગી વિકાસ અને અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ અને જરૂરી ગણાવી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. દેશી ગાય અને પ્રાકૃતિક કૃષિને એકબીજાના પૂરક ગણાવી તેમણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી દેશી ગાયનું જતન, સંવર્ધન થાય છે, તેમ ઉમેર્યું હતું. તેમજ સ્વાસ્થ્યપ્રદ ખેત ઉત્પાદનો મળવાથી લોકોના સ્વાસ્થ્યની રક્ષા થાય છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત કૃષિ પેદાશોના ભાવ પ્રમાણમાં સારા મળવાથી અને કૃષિ ખર્ચ નહિવત્ હોવાથી સરવળે ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બને છે. ખેડૂતોને આત્મનિર્ભરબનાવવાનોધ્યેયમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પપ્રાકૃતિક ખેતી થકી સિદ્ધ થતો હોવાનું જણાવી તેમણે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વમાં રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અનેકવિધ પગલા ભરી રહી છે, તેમ રાજ્યપાલશ્રીએ કહ્યું હતું. કાર્યક્રમ પૂર્વે રાજ્યપાલશ્રીએ ગૌપૂજા કરી હતી. ગાય આધારિત પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત વસ્તુઓ, પંચગવ્ય ઉત્પાદિત વસ્તુઓ તેમજ કૃષિ ઓજારોના વેચાણ સ્ટોલની તેમણે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રોહન આનંદ, ડભોઈના પ્રાંત અધિકારીશ્રી યોગેશ કાપસે, જિલ્લા ખેતીવાડી અધિકારી સહિત કૃષિ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, ગામના સરપંચ-ઉપસરપંચ, સ્થાનિક અગ્રણીઓ, સંતગણ, પ્રગતિશીલ ખેડૂતો, બાણજના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,
નાવલી ગામ મુકામે ૧૫ માં નાણા પંચ માંથી નાવલી ગ્રામ પંચાયત દ્વારા ટ્રેક્ટર - ટોલી, અને ઈ-કચરા પેટી ની રીક્ષા નું લોકાર્પણ કરવામાં આવ્યું. તળાવની પારનું અને બ્લોક પેવિંગ નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે આણંદ વિધાનસભાના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય શ્રી હસમુખભાઈ, શ્રી ભરતભાઈ સોલંકી, પૂર્વ સરપંચ શ્રી સંતોષભાઈ, લાલાભાઈ, સ્વતંત્ર સેનાની શ્રી મહેન્દ્રભાઈ મુખી અને ગામના આગેવાનો હાજર રહ્યા.

રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં લેવાયો મહત્વનો નિર્ણય

રાજ્યના ૧૩ જિલ્લાઓમાં નવી ઔદ્યોગિક વસાહતોની સ્થાપના માટે પ્રાથમિક શકયતાદર્શી તપાસ અહેવાલ મેળવવા સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ: મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

રાજકોટ, મહેસાણા, મહિસાગર, ભરૂચ, બનાસકાંઠા, પાટણ, છોટાઉદેપુર, ગીરસમોનાથ, ગાંધીનગર, ખેડા, અમરેલી, આણંદ, અને જુનાગઢ જિલ્લાના ૨૧ તાલુકાઓમાં જી.આઇ.ડી.સી. સ્થાપાશે

કમલમ્ ન્યુઝ,
પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના યુવાનોને ઘર આંગણે રોજગારી મળી રહે તે આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં નવીન જી.આઇ.ડી.સી.ની સ્થાપના માટે વિધાનસભા સત્રમાં જાહેરાત કરવામાં આવી હતી. આ સંદર્ભે ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમના નિયામક મંડળ દ્વારા રાજ્યના ૧૩ જિલ્લાઓમાં નવી જી.આઇ.ડી.સી. સ્થાપવા માટે જમીનની એક જથ્થો ઉપલબ્ધતા, ડિમાન્ડ સર્વે, સ્થાનિક પરિબળો અને કૃષિ ઉત્પાદન વગેરેના પ્રાથમિક શક્યતાદર્શી તપાસ અહેવાલ એટલે કે પ્રિ-ફિઝીબિલીટી એસેસમેન્ટ રીપોર્ટ મેળવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં લેવાયેલ આ મહત્વના નિર્ણયની વિગતો આપતા મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, રાજ્યના ઝડપી ઔદ્યોગિક વિકાસ દ્વારા આર્થિક વિકાસ સાધી શકાય છે. જેને ધ્યાને લઈને તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત આયોજનના પરિણામે ગુજરાત આજે રોજગારી પૂરી પાડવામાં દેશભરમાં મોખરે રહ્યું છે. રાજ્યમાં વધુને વધુ રોજગારી ઉપલબ્ધ બને અને ઉદ્યોગગૃહો પોતાનો ઉદ્યોગ સરળતાથી સ્થાપી શકે તે આશયથી રાજ્ય સરકારે અને કવિધ સુવિધાઓ ઓનલાઈન પૂરી પાડી છે. જેના પરિણામે ગુજરાતમાં મૂડી રોકાણ વધ્યું છે અને અનેક ઉદ્યોગગૃહો રાજ્યમાં આવ્યા છે. જેને ધ્યાને લઈને રાજ્યમાં રોજગારનું પ્રમાણ વધે તે આશયથી રાજ્ય સરકારે આ નવીન જી.આઇ.ડી.સી. સ્થાપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યના રાજ કોટ, મહેસાણા, મહિસાગર, ભરૂચ, બનાસકાંઠા, પાટણ, છોટાઉદેપુર, ગીરસમોનાથ, ગાંધીનગર, ખેડા, અમરેલી, આણંદ, અને જૂનાગઢ જિલ્લાના ૨૧ તાલુકાઓમાં જી.આઇ.ડી.સી. સ્થાપવામાં આવનાર છે. તે માટે માળખાગત સુવિધાઓ પૂરી પાડવા ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમ કામગીરી કરી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં નવીન જી.આઇ. ડી.સી.નું નિર્માણ થનાર છે તેમાં રાજકોટ જિલ્લાના વિછીયા તાલુકાના વિછીયા ગામે, મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના નાની ભલુ, જોટાણા તાલુકાના જોટાણા ખાતે, વડનગર તાલુકાના વડનગર ખાતે, મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના બાલાસિનોર ખાતે, ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના આમોદ ખાતે, બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના થરાદ ખાતે, પાલનપુર તાલુકાના પાલનપુર ખાતે, દિયોદર તાલુકાના લવાણા ખાતે, ધાનેરા તાલુકાના ધાનેરા ખાતે, પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના સિદ્ધપુર ખાતે, સોતલપુર તાલુકાના સોતલપુર ખાતે, છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના લઢોદ ખાતે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નવા બંદર ખાતે, ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કડજોદરા ખાતે, ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ઠાસરા ખાતે, મહુધા તાલુકાના મહુધા ખાતે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ખાતે, આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના આંકલાવ ખાતે, જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના માળીયા હાટીના ખાતે, જૂનાગઢ તાલુકાના જૂનાગઢ ખાતે આ જી.આઇ.ડી.સી સ્થાપાશે.

તમામ માટે સસ્તી તેમજ ગુણવત્તાપૂર્ણ દ્વાઓ જનઔષધિ કેન્દ્ર: ૨૦૧૪માં ૮૦થી વધીને ૨૦૨૩માં ૯૪૧૩ થયા છે

પીએમબીજેપી: છેલ્લા ૯ વર્ષોમાં નાગરિકો માટે ૨૦૦૦૦ કરોડ રૂપિયાથી વધુની બચત

કમલમ્ ન્યુઝ,
ભારત સરકારે પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ પરિયોજના (પીએમબીજેપી) શરૂ કરી, જેના અંતર્ગત તમામ નાગરિકોને સસ્તી કિંમતો પર ગુણવત્તાયુક્ત જેનેરિક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. છેલ્લા ૯ વર્ષોમાં, જન ઔષધિ કેન્દ્રોની સંખ્યામાં ઝડપથી વૃદ્ધિ થઈ છે. તેની સંખ્યા ૨૦૧૪માં માત્ર ૮૦થી વધીને ૨૦૨૩માં ૯૪૧૩ થઈ ગઈ છે (૩૧ મે, ૨૦૨૩ સુધી). આ ઉપરાંત, પ્રોડક્ટ બાસ્કેટ (દવાઓ અને શલ્ય ચિકિત્સા ઉપકરણ) ૨૦૧૪ની તુલનામાં ૩૦૦થી વધીને ૨૦૨૩માં ૨૦૮૫ થઈ ગઈ છે. ભારતીય મહિલાઓની આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં એક મહત્વપૂર્ણ કદમ તરીકે, આ કેન્દ્ર દેશભરમાં ૧ રૂપિયાના મામૂલી ખર્ચ પર સેનેટરી પેડ પણ પ્રદાન કરી રહ્યા છે. જન ઔષધિ કેન્દ્રોની સંખ્યા છેલ્લા ૯ વર્ષોમાં, પીએમબીજેપીએ જબરદસ્ત સફળતા હાંસલ કરી છે, જેના નાગરિકોને સસ્તી કિંમત પર ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ થઈ રહી છે. તેનાથી નિમ્ન અને મધ્યમ આવક વર્ગના લોકોના આઉટ-ઓફ-પોકેટ ખર્ચમાં ભારે કાપ આવ્યો છે. તેનાથી નાગરિકોના દવાઓના ખર્ચ પર થનારા વ્યયમાં ૨૦૦૦૦ કરોડ રૂપિયાથી વધુની બચત થઈ છે.

મોરબી ખાતે વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે થશે રૂ. ૫૪૩ લાખથી વધુના ખર્ચે નવનિર્મિત એસ.ટી. સ્ટેશનનું લોકાર્પણ

રાજકોટ પોલીસ હેડક્વાર્ટર અને વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનના મળી કુલ ૧૫૨ નવનિર્મિત પોલીસ આવાસોનું લોકાર્પણ ગૃહ રાજ્ય મંત્રીશ્રી કરાવશે

કમલમ્ ન્યુઝ,
ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને વધુને વધુ વેગવંતી રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા એક પછી એક વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. તા.૧૮-૫-૨૦૨૩ના રોજ મોરબી અને રાજકોટ જિલ્લાના પ્રવાસ દરમિયાન ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી આ બંને જિલ્લામાં નવીન પોલીસ આવાસોનું તેમજ મોરબીના નવનિર્મિત એસ.ટી સ્ટેશનનું લોકાર્પણ કરી નાગરિકોની સેવામાં ખુલ્લું મૂકશે.

મોરબી ઔદ્યોગિક એસોસિએશનના અગ્રણીઓ અને મોરબી પોલીસ વિભાગના અધિકારીઓ સાથે ગૃહ રાજ્ય મંત્રીશ્રી બેઠક કરશે

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મોરબી ખાતે રૂ. ૫૪૩ લાખથી વધુના ખર્ચે બાંધવામાં આવેલા આર.સી.સી ફ્રેમ સ્ટ્રક્ચરવાળા સુવિધાયુક્ત નવીન એસ.ટી. સ્ટેશનનું ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. આ ઉપરાંત મોરબી જિલ્લાના વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે બી ક્ષેત્રના ૩૨ નવનિર્મિત પોલીસ આવાસોનું પણ ગૃહ રાજ્ય મંત્રીશ્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે સાંસદ સભ્યોશ્રીઓ, ધારાસભ્ય શ્રીઓ અને વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે. લોકાર્પણ સમારોહ બાદ ગૃહ રાજ્ય મંત્રીશ્રી મોરબીના લીલાપર ખાતે મોરબી ઔદ્યોગિક એસોસિએશનના અગ્રણીઓ સાથે ઉદ્યોગના નાણાકીય વ્યવહારની સલામતી અને સુરક્ષા અંગે સવિશેષ સંવાદ કરશે.

તદુપરાંત પોલીસ અધિક્ષકની કચેરી-મોરબી ખાતે પોલીસ વિભાગના અધિકારીઓ સાથે પણ ગૃહ રાજ્ય મંત્રીશ્રી બેઠક કરશે. વધુમાં, રાજકોટ પોલીસ હેડક્વાર્ટર ખાતે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા નવનિર્મિત બી-ક્ષેત્રના ૮૦ અને સી-ક્ષેત્રના ૪૦ પોલીસ આવાસોનું લોકાર્પણ પણ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે સુશાસનના સાધન તરીકે નાગરિક કેન્દ્રિત સંચાર પર દિવસભરના ચિંતન શિવરનું ઉદ્ઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે આજે માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓ અને તેના મીડિયા એકમો અને ભારતીય માહિતી સેવા (IIS)ના અધિકારીઓને લોકો સાથે વાતચીતમાં નવી સીમાઓ શોધવા અને તે પ્રક્રિયામાં નવી તકનીકોનો ઉપયોગ કરવા માટે આહ્વાન કર્યું હતું. મંત્રીઆજે નવી દિલ્હીમાં 'સિટીઝન સેન્ટ્રીક કોમ્યુનિકેશન એઝ એ ટુલ ફોર ગુડ ગવર્નન્સ' વિષય પર એક દિવસીય 'ચિંતન શિવિર' નું ઉદ્ઘાટન કરતી વખતે એક સભાને સંબોધિત કરી રહ્યા હતા. સમગ્ર દેશમાંથી માહિતી અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓને તાજીદ આપતાં શ્રી ઠાકુરે કહ્યું કે મીડિયાનું લેન્ડસ્કેપ ઝડપથી બદલાઈ રહ્યું છે અને લોકો માહિતીનો ઉપયોગ કરવાની રીત પણ છે. તે માટે, તેમણે ઉમેર્યું કે, ૨૧મી સદીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે માહિતી પ્રસારણની આપણી પદ્ધતિઓને અનુકૂલિત કરવાની જરૂર છે. મંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય માહિતી સેવા એ સરકારનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને ઉમેર્યું હતું કે આ ચિંતન શિવરે અધિકારીઓને માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં સહયોગ, આત્મનિરીક્ષણ અને સમયસર અભ્યાસક્રમ સુધારણાની અનન્ય તક પૂરી પાડી છે. તેમણે અધિકારીઓને સંસાધનોનો બહેતર ઉપયોગ, પ્રયાસોના સંકલન, માહિતીની આપ-લે અને એક ટીમ તરીકે કામ કરીને ઉચ્ચ અસરકારકતા તરફ કામ કરવા પ્રોત્સાહિત કર્યા. મંત્રીએ તેમના શ્રોતાઓને વિનંતી કરી કે તેઓ પોતાના માટે એક સમયમર્યાદા નક્કી કરે અને મંત્રાલયની પ્રાથમિકતાઓ અને ડિલિવરેબલ્સ તેમજ તેમની પોતાની સંસ્થાની પ્રાથમિકતાઓ અને ડિલિવરેબલને તપાસતા રહે અને અપડેટ કરતા રહે. કર્મયોગી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વને ટાંકીને મંત્રીએ અધિકારીઓને સમય-સમય પર આત્મનિરીક્ષણ કરવા જણાવ્યું કે શું તેઓ રાષ્ટ્રને પોતાનું સર્વશ્રેષ્ઠ પહોંચાડવામાં સક્ષમ છે. મંત્રીએ મંત્રાલય માટે સંદેશાવ્યવહારના લક્ષ્ય માટે સ્પષ્ટ અગ્રતા દર્શાવી હતી અને કહ્યું હતું કે જેમ સરકાર વંચિતોના કલ્યાણ તરફ લક્ષી છે, તેમ અંત્યોદયનો મંત્ર અધિકારીઓની પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપવો જોઈએ. તેમણે ધ્યાન દોર્યું કે ભારતનો મોટો હિસ્સો મીડિયાની છાયામાં રહે છે, જે ટેલિવિઝન અને અખબારોની સુવિધાઓથી વંચિત છે. સમાજના તે વર્ગ સુધી પહોંચવાની જવાબદારી સેવાના અધિકારીઓની છે. અગાઉ, માહિતી અને પ્રસારણ સચિવ, પાંચ સત્રોમાં વિભાજિત થયેલ શિવરની મૂળભૂત થીમ પર ધ્યાન આપ્યું અને કહ્યું કે તમામ વિષયો ખૂબ સુસંગત છે અને જૂથોમાં વિભાજિત અધિકારીઓ દ્વિવસદરમિયાન વિચારમંથન કરશે અને અંતે તેમના વિચારો રજૂ કરશે. ચર્ચાના પાંચ વિષયો છે

- નાગરિકો સાથે સહભાગી સંચાર - જન ભાગીદારી
- પબ્લિક કોમ્યુનિકેશન્સમાં ઉભરતી ટેક્નોલોજીનો દત્તક મહત્તમ પહોંચ માટે
- ખોટી માહિતીને સંબોધવા માટે ક્વિક રિસ્પોન્સ મિકેનિઝમનું સંસ્થાકીયકરણ
- પ્રાદેશિક સંચાર દ્વારા લક્ષિત આઉટરીચ
- જાહેર સેવા પ્રસારણને મજબૂત બનાવવું

સરકારી સંદેશાવ્યવહારને લગતા મુદ્દાઓ પર મંથન કરવા અને ભારત સરકારની સંચાર અને આઉટરીચ પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપવા માટે એક એક્શન પ્લાન અને રોડમેપ તૈયાર કરવા માટે નવી દિલ્હીમાં નેશનલ મીડિયા સેન્ટરમાં દિવસભર ચિંતન શિવરનું આયોજન કરવામાં આવ્યું છે.

તંત્રી સ્થાનેથી......

આપણું સ્વાસ્થ્ય જાળવવું અને રોગોથી બચવું એ આપણા હાથમાં છે. આઈ.સી.એમ.આર.(ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ) દ્વારા કરાયેલા એક સર્વે અનુસાર અંદાજિત ૬૦% મૃત્યુનું કારણ નોન કમ્યુનિકેબલ રોગો હોય છે. આથી, કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ કેન્સર, ડાયાબીટીસ, કાર્ડીઓવાસ્કયુલર ડીસીઝ એન્ડ સ્ટ્રોક (NPCDCS) ચલાવવામાં આવી રહ્યો છે, જે અંતર્ગત આ માટે માળખાગત સુવિધાઓ અને માનવ સંસાધન વિકાસ, વહેલું નિદાન તથા વ્યવસ્થાપન અને રેફરલ તેમજ આરોગ્ય જાગૃતિ માટે કાર્ય કરવામા આવી રહ્યું છે. નોંધનીય છે કે ચાર મુખ્ય બિન સંચારી રોગો એટલે કે કાર્ડિયોવેસ્ક્યુલર રોગો, કેન્સર, શ્વસન રોગો (સી.આર.ડી.) અને ડાયાબિટીસના કારણરૂપે સામાન્યપણે અમુક જોખમકારક ટેવો જોવા મળે છે. જેમાં તમાકુ, દારૂનું સેવન, બિન આરોગ્યપ્રદ ભોજન, શારીરિક શ્રમનો અભાવ વગેરેનો સમાવેશ થાય છે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રીસર્ચ (ICMR)ના અહેવાલ અનુસાર વર્ષ-૨૦૨૦માં ભારતમાં કેન્સરના કેસોની અંદાજિત સંખ્યા ૧૩.૯૨ લાખ, ૨૦૨૧મા ૧૪.૨૬ લાખ, ૨૦૨૨માં ૧૪.૬૧ લાખથી વધુ હોવાનું જોવા મળ્યું છે. આ સ્થિતિ જોતાં કેન્સર અંગે લોકોમાં જાગૃતિ લાવવી ખુબ જરૂરી બન્યું છે. કેન્સર અંગેનું વહેલું નિદાન થવાથી સમયસર સારવાર મળી શકે છે અને મૃત્યુ રોકી શકાય છે. મોઢાનું કેન્સર એ ભારતમાં સૌથી વધુ જોવા મળતા કેન્સરોમાંનું એક છે, જેમાં મોઢાની અંદર સફેદ/લાલ ધાબુ કે જખમ, મહિનાથી વધુ સમયથી રૂઝાતું ન હોય તેવું ચાંદુ કે ખરબચડો ભાગ, મોઢાની અંદરની ત્વચા ફીકી પડી જવી, તીખા ખાદ્યપદાર્થો ખાઈ ન શકવા, મોઢુ ખોલવામાં મુશ્કેલી, જીભ આગળ કાઢવામાં મુશ્કેલી, અવાજમાં ફેરફાર કે બોલવામાં તકલીફ, વધારે પડતી લાળનો સ્ત્રાવ થવો, ચાવવામાં કે ગળવામાં તકલીફ વગેરે લક્ષણો જોવા મળે છે. મોઢાના કેન્સરના સમયસર નિદાન અને સારવાર માટે મોઢાનું સ્વ-પરીક્ષણ કરવું જોઈએ. તેનાથી મોઢામાં રોગને કારણે થયેલા ફેરફારને જાણી શકાય છે અને જરૂરી પગલાં લઈ શકાય છે. આ માટે પાણીથી કોગળા કરી અરીસા સામે મોઢામાં કોઈપણ જગ્યાએ અસામાન્ય સફેદ અથવા લાલ ધાબું, ચાંદુ અથવા ખરાચડો ભાગ, ઉપસેલો ભાગ કે સોજો હોય તો ધ્યાનથી ચેક કરવું, આવો ભાગ દેખાય તો તેને આંગળીઓ વડે તપાસવો. તમાકુ લેનાર તમામે મહિનામાં એક વખત ઉપર મુજબ તપાસ કરવી અને કોઈ પણ અસામાન્ય ભાગ જણાય તો ડોકટરનો સંપર્ક કરવો. કેન્સર રોકવા માટે તમાકુ લેવાનું બંધ કરીએ તેમજ સ્વસ્થ આહાર લેવો, વજનને નિયંત્રણમાં રાખવું અને સમયાંતરે ટેસ્ટ કરાવવો,એચ.પી.વી. ની રસી મુકાવવી વગેરે પગલાં લઈ કેન્સરથી બચી શકાય છે

સંસ્કૃતિ, કલા વારસો અને ધરોહરના ઈીતહાસને સાચવીને બેઠુંછેકચ્છ મ્યૂઝિયમ

ભુજ શહેરમાં હમીરસર તળાવના કિનારે ઈટાલિયન ગૌથિક શૈલીથી નિર્મિત કચ્છ મ્યૂઝિયમની ઈમારત પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે

કમલમ્ ન્યુઝ,

૧૮ મે, ૨૦૨૩ ના દિવસે આંતરરાષ્ટ્રીય મ્યૂઝિયમ દિવસની ઉજવણી થઈ રહી છે. ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ મ્યૂઝિયમ દ્વારા આ વર્ષના મ્યૂઝિયમ દિવસની થીમ "સંગ્રહાલયો, ટકાઉપણું અને સુખાકારી" રાખવામાં આવી છે. કચ્છ મ્યૂઝિયમ એ ગુજરાતમાં આવેલું સૌથી જુનુ મ્યૂઝિયમ છે. ભુજ શહેરમાં હમીરસર તળાવના કિનારે ઈટાલિયન ગૌથિક શૈલીમાં તૈયાર થયેલી કચ્છ મ્યૂઝિયમની ઈમારત પ્રથમ દ્રષ્ટિએ જ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિઓ પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા કચ્છ મ્યૂઝિયમની સારસંભાળ અને રખરખાવની કામગીરી કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપબાદ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કચ્છ મ્યૂઝિયમનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. કચ્છ મ્યૂઝિયમની સ્થાપનાના ઈતિહાસ પર નજર કરીએ તો કચ્છના રાજા મહારાવ ખેંગારજી ત્રીજા દ્વારા આચાર્ય શ્રી જે.ડી.એસ્પેરેન્સના માર્ગદર્શન હેઠળ સ્કૂલ ઓફ આર્ટના ભાગરૂપે ૧ જુલાઈ, ૧૮૭૭ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૧૮૮૪માં રાવ ખેંગારજીના લગ્નપ્રસંગે કચ્છની કળા અને હસ્તકલાનું એક વિશાળ પ્રદર્શન યોજવામાં આવ્યું. જયારે પ્રદર્શન પૂર્ણ થયું ત્યારે આ કલાકૃતિઓને ક્યાં સ્થળે સંગ્રહિત કરવી એ પ્રશ્ન ઉભો થયો. આ કલાકૃતિઓના સંગ્રહ માટે એક અલગ ઈમારતી જરૂરિયાત ઉભી થતા બોમ્બેના તત્કાલિન ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુસન દ્વારા કચ્છ મ્યૂઝિયમની વર્તમાન બિલ્ડીંગનો શિલાન્યાસ કરવામાં આવ્યો. કચ્છમાં ખેંગારજી ત્રીજાના શાસન દરમિયાન કચ્છ મ્યૂઝિયમનો જન્મ ગુજરાતના અન્ય મ્યૂઝિયમના ચળવળના ઈતિહાસમાં એક સીમાચિન્હરૂપ અવસર તરીકે સ્થાપિત થયો. બોમ્બેના તત્કાલિન ગવર્નરના પ્રયાસોને લીધે મહારાજા દ્વારા આ મ્યૂઝિયમનું નામ ફર્ગ્યુસન મ્યૂઝિયમ રાખવામાં આવ્યું હતું. સમય જતાં બોમ્બેમાંથી ગુજરાતને એક સ્વતંત્ર રાજય બનાવવામાં આવ્યું ત્યારે આ મ્યૂઝિયમને ફરીથી લોકો માટે ખોલવામાં આવ્યું અને તેનું નામ કચ્છ મ્યૂઝિયમ રાખવામાં આવ્યું. તત્કાલિન સ્ટેટ એન્જિનિયરશ્રી મેક લેલન્ડ દ્વારા કચ્છ મ્યૂઝિયમના બે માળના ભવનને ઈટાલિયન ગૌથિક શૈલીમાં ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ મ્યૂઝિયમને ખાસ પ્રકારના લાલ રંગની રેતીના પથ્થરમાંથી બનાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦1 મા આવેલા ભૂકંપના લીધે કચ્છમાં અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ. કચ્છ મ્યૂઝિયમને પણ ભારે નુકસાન પહોંચ્યું. ગુજરાત સરકારના પ્રયાસોથી ભૂકંપ બાદ કચ્છ મ્યૂઝિયની ઈમારતનું નવીનીકરણ કરવામાં આવ્યું. ભૂકંપની સ્થિતિ પછી મ્યૂઝિયમના વિકાસને ધ્યાનમાં રાખીને બાજુમાં આવેલી આલ્ફ્રેડ હાઈસ્કૂલની ઈમારતને પણ રાજ્ય સરકાર હસ્તગત કરવામાં આવી. ઈ.સ.૧૭૯૫માં ટીપુ સુલતાન દ્વારા શ્રીરંગપટ્ટણની વિશાળ તોપ હૈદરી કચ્છી લશ્કરના વડા જમાદાર ફતેહ મહમ્મદને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. ભેટમાં મળેલી આ તોપ કચ્છ મ્યૂઝિયમ પરિસરમાં પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. રસપ્રદ કહાની એવી છે કે, ટીપુ સુલતાને કચ્છના ઊંચી નસ્લના ઘોડાઓ લેવા માટે આ તોપ ભેટમાં આપી હતી. આ ઉપરાંત અનેક બહુમૂલ્યો વસ્તુઓનો સંગ્રહ મ્યૂઝિયમમાં કરવામાં આવ્યો છે. વીસમી સદીનો સુવર્ણ મુકુટ, સાતમી સદીની ભગવાન ગૌતમ બુદ્ધની કાંસ્ય પ્રતિમાં, વીસમી સદીનું રોગ આર્ટની કલાકૃતિ, સિંધુ ખીણની સંસ્કૃતિના વાસણો, ભગવાન ઈન્દ્રનો સાત સૂંઢવાળો સફેદ લાકડાના હાથીની બેનમૂન કૃતિ, કચ્છના ક્ષત્રપ શિલાલેખો, અંધૌના શિલાલેખ, ખાવડાનો લેખ, દોલતપરનો લેખ, વાંઢનો લેખ પણ કચ્છ મ્યૂઝિયમમાં સંગ્રહિત છે. આ સિવાય કચ્છના વિવિધ રજવાડાઓના જુના ચલણી સિક્કાઓ, કચ્છી સંગીત વાદ્યો, રણમાં વિષમ પરિસ્થિતિ વચ્ચે પાંગરેલું કચ્છનું જનજીવન, બન્ની વિસ્તાર વગેરે વિશે રોચક માહિતી કચ્છ મ્યૂઝિયમના માધ્યમથી મળી રહે છે. કચ્છની સામાજિક સ્થિતિનો ખ્યાલ પણ કચ્છ મ્યૂઝિયમમાં લટાર મારવાથી મળે છે. કોળી, વાગડીઆ રબારી, કચ્છી, આહીર, ભીલ, ચારણ, મુતવા, મેઘવાળ, ફકિરાણી જત અને પઠાણ વગેરે સમુદાયોની રહેણીકરણી, સંસ્કૃતિ, વેપાર, કળા વિશે રસપ્રદ માહિતી પ્રદર્શનના માધ્યમથી પીરસવામાં આવે છે. સોના ચાંદીના વાસણો, રાજાશાહી સમયના હથિયારો અને બંદૂકો સહિત ઐતિહાસિક પ્રકાશનો સાથેની રેફરન્સ લાયબ્રેરી પણ અહીં ઉપલબ્ધ છે. કચ્છ મ્યૂઝિયમના ક્યુરેટર સુશ્રી બુલબુલ હિંગલાજિયા જણાવે છે કે, આ મ્યૂઝિયમ ફકત વસ્તુઓના સંગ્રહિત કરવાનું જ કામ નથી કરી રહ્યું પણ આગામી પેઢીમાં સાંસ્કૃતિક વારસાના જતન પ્રત્યે જાગૃતતા આવે તે દિશામાં કામ કરી રહ્યું છે. કચ્છ મ્યૂઝિયમ ઈ.સ.પૂર્વે ૨૫૦૦ લઈને ૨૧મી સદી સુધીની વિવિધ પ્રાચીન વસ્તુઓ અને કલાના અવશેષોનો ખજાનો ધરાવે છે.

દાહોદ નગરમાં ૧૧ જેટલા રોડની કામગીરી રૂ. ૫૩ કરોડના ખર્ચે કરવામાં આવશે

કમલમ્ ન્યુઝ,

દાહોદ નગરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ વિવિધ જન સુખાકારીના કરોડો રૂપીયાના કામો કરવામાં આવી રહ્યાં છે. આ માટે સરકાર દ્વારા દાહોદ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ કંપનીની રચના કરવામાં આવી છે. સ્માર્ટ સીટી અંતર્ગત કેટલાંક પ્રોજેક્ટ સંપન્ન થયા છે. જયારે મહત્વના પ્રોજેક્ટો પૂર્ણતાને આરે છે ત્યારે સ્માર્ટ સીટી રોડ અપ્રગ્રેડેશન પ્રોજેક્ટનો પણ નગરમાં પ્રારંભ કરાયો છે. દાહોદ નગરમાં કુલ ૧૧ જેટલા રોડની બ્યુટીફીકેશન સહિતની કામગીરી રૂ. ૫૩ કરોડના ખર્ચે કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો પ્રારંભ સર્કીટ હાઉસે આવેલા રોડ, ગોધરા રોડ ઉપર કરી દેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ થકી દાહોદ નગરમાં લાંબા ગાળાના વિઝન સાથે રોડની કામગીરીથી ટ્રાફિકની સમસ્યાનો કાયમી નિકાલ આવશે અને સુવિધાસભર રોડ નગરજનોને મળશે. સ્માર્ટ સીટી રોડ અપગ્રેડેશન પ્રોજેક્ટ ૧૮ મહિનાની સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત જે ૧૧ રોડની પસંદગી કરવામાં આવી છે. તેમાં આઈટીઆઈ કોલેજથી ગોધરા રોડ, સરસ્વતી સર્કલ થી ડો. આંબેડકર ચોક, ભગીની સમાજ થી સરદાર પટેલ સર્કલ, માણેક ચોક થી એપીએમસી સર્કલ, ફાયર બિગ્રેડ ટુ સિંહ સર્કલ (ચાકલીયા રોડ), સિંહ સર્કલ થી સેન્ટ જહોન સ્કુલ, મંડાવ રોડ થી બ્લાઈંડ વેલફેર, રળીયાતી રોડ, ઓલ્ડ ઈન્દોર રોડ, અર્બન બેંક હોસ્પીટલથી ઈન્દોર હાઈવે - એસટીપી રોડ, ઈદગાહ રોડનો સમાવેશ થાય છે. સ્માર્ટ સીટી રોડ અપગ્રેડેશન પ્રોજેક્ટ અંતર્ગત નગરજનોને પહોળા રસ્તા મળવાથી ટ્રાફિકની સમસ્યાનુ નિવારણ થશે. સાથે ફૂટપાથ મળશે તેમજ રોડ બ્યુટીફિકેશન અંતર્ગત બેન્ચીસ તેમજ વૃક્ષોનું વાવેતર કરીને ગ્રીન સીટી બનાવાશે. રોડ અપગ્રેડેશનની કામગીરી પૂર્ણ થયા બાદ એજન્સીને જ પાંચ વર્ષ માટેના મેન્ટેનન્સની પણ જવાબદારી સોંપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી યોજના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સમાવિષ્ટ એક સો શહેરોમાં રાજયના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં દાહોદ જ એવું છે કે જયા નગરપાલિકા હોવા છતાં તેનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો છે.

"ધ કેરલા સ્ટોરી" ફિલ્મનું આયોજન કરવામાં આવ્યું.

કમલમ્ ન્યુઝ,

નરેન્દ્ર મોદી ટીમ રાષ્ટ્રીય લેવલ પર કાર્ય કરે છે. નરેન્દ્ર મોદી ટીમ સામાજીક કાર્યો અને પ્રવુતિઓ કરે છે કે જે રાષ્ટ્ નિર્માણ અને સમાજને મદદરૂપ થાય. નરેન્દ્ર મોદી ટીમ તરફથી સામાજિક જાગૃતિના વ્યાપક કાર્યક્રમો, સરકારની યોજનાઓથી લોકોને માહિતગાર કરવા અને સમાજ ઉપયોગી અન્ય કાર્યો જેમ કે વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન, વિદ્યાદાન, સફાઈ અભિયાન, જરૂયિાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ, વિદ્યાર્થીઓને રોજગારી અને કારકિર્દીમાં માર્ગદર્શન અને પ્રોત્સાહન, ભૂખ્યાને ભોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે કરવામાં આવે છે.નરેન્દ્ર મોદી ટીમનું મુખ્ય સૂત્ર ભારતને વિશ્વગુરુનાં પંથે લઈ જવાનું છે.ધ કેરલા સ્ટોરી ફિલ્મ સત્ય ઘટના પર આધારિત છે. કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બહેનો માટે પ્રેરણારૂપ હોવાથી વિધાર્થીનીઓ તેમજ સમાજમાં જાગૃતિ ફેલાયએ માટે નરેન્દ્ર મોદી ટીમ, ગુજરાત તરફથી ૧૫૦ થી પણ વધુ વિદ્યાર્થિની બહેનો માટે વેલેન્ટાઇન સિનેમા , સુરત ખાતે સવારના ૧૦:૦૦ કલાકના શોમાં ધ કેરલા સ્ટોરી ફિલ્મ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં નરેન્દ્ર મોદી ટીમના પ્રો. ચેતનભાઈ રાઠોડ- (સુરત અધ્યક્ષ તેમજ ગુજરાત પ્રભારી), પ્રો. ચંદ્રેશભાઈ મેહતા- (સુરત ઉપાધ્યક્ષ), દેવેનભાઈ વર્મા - (સુરત ઉપાધ્યક્ષ), પ્રો. સાગરભાઈ ફેગડે - (સુરત મહામંત્રી), પ્રિન્સભાઈ ખોરસીયા - (સુરત મહામંત્રી) તેમજ વિપુલભાઈ દલાલ - (સુરત મહામંત્રી) હાજર રહ્યા હતા. વેલેન્ટાઈન સિનેમામાં "ધ કેરલા સ્ટોરી" ફિલ્મ નિહાળતી વખતે કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની બહેનો વચ્ચે લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા અને વેલેન્ટાઈન સિનેમામાં જય હિન્દ, વંદે માતરમનાં નારા સાથે કેસરિયો - ભગવો લહેરાયો હતો. નરેન્દ્ર મોદી ટીમ તરફથી સૌ વિદ્યાર્થિની બહેનો અને મહિલા અધ્યાપકો માટે નાસ્તા અને પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ધ કેરલા સ્ટોરી ફિલ્મ નિહાળનાર દીકરીઓ ના માતા-પિતા દ્વારા નરેન્દ્ર મોદી ટીમની કામગીરી વખાણવામાં આવી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આવેલ વિવિધ કોલેજોના મહિલા આચાર્યો અને મહિલા અધ્યાપકોએ હાજરી આપી વિદ્યાર્થિનીઓને સામાજિક જાગૃતિ માટે પ્રોત્સાહિત કરી હતી નરેન્દ્ર મોદી ટીમ "ધ કેરલા સ્ટોરી" ફિલ્મ નિહાળવા આવનાર સૌ હિંદપ્રિય વિદ્યાર્થિની બહેનો, આદરણીય મહિલા આચાર્યો અધ્યાપકો અને વેલેન્ટાઇન સિનેમાનો આભાર વ્યક્ત કરે છે.

વડોદરાની ૧૨ વર્ષીય મનોદિવ્યાંગ દિકરીએ સમગ્ર દેશમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું

ધો. ૮ માં અભ્યાસ કરતી હેત્વીએ ફ્રી હેન્ડ પેઇન્ટિંગમાં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ બનાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રમાણપત્ર-મેડલ એનાયત કરી પ્રતિભાશાળી દીકરીનું સન્માન કરાયું

કમલમ્ ન્યુઝ,વડોદરા,

વડોદરાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળામાં ધો. ૮ માં અભ્યાસ કરતી હેત્વી ખીમસુરિયાએ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ અંકિત કરવાની સાથે સમગ્ર વડોદરાને ગૌરવ અપાવ્યું છે. ગુજરાતની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરનાર આ મનોદિવ્યાંગ બાળકીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું હતું. જન્મથી ૭૫ ટકા સેરેબ્રલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન જેવા અસાધ્ય રોગથી પીડાતી હેત્વીએ પોતાની નબળાઈને પડકાર આપીને આ સિદ્ધિ હાંસલ કરી છે. આર્ટ અને ક્રાફટમાં અનેક પ્રમાણપત્રો પ્રાપ્ત કરનાર ૧૨ વર્ષીય હેત્વીએ ફ્રી હેન્ડ પેઇન્ટિંગમાં ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ બનાવ્યો છે. મક્કમ મનોબળ ધરાવતા માતાપિતાએ પોતાની મનોદિવ્યાંગ બાળકીને સાચવીને તેને નાની નાની બાબતો છીવટપૂર્વક શીખવવાનું શરૂ કર્યું. શૈક્ષણિક પઝલો બાદ રંગોની ઓળખ કરાવી હેત્વીને ચિત્રોમાં ધીમે ધીમે રંગો પૂરવાની પ્રેક્ટિસ કરાવવામાં આવી. ફ્રી હેન્ડ પેઈન્ટિંગ કરવામાં આગળ વધેલી હેત્વીની એક યુ-ટ્યુબ ચેનલ ખોલવામાં આવી. તેમના ચિત્રોના વીડિયો અહીં અપલોડ કરવામાં આવે છે તેમજ અન્ય મનોદિવ્યાંગ બાળકોની સંસ્થાને વીડિયો મોકલીને અન્ય મનોદિવ્યાંગ બાળકોને પણ પ્રેરણા પૂરી પાડી ઉત્સાહમાં વધારો કરે છે. આશ્ચર્ય પમાડે તેવી વાત એ છે કે, હેત્વીએ અત્યાર સુધીમાં ૨૫૦ ફ્રી હેન્ડ પેઈન્ટિંગ અને ક્રાફ્ટ બનાવ્યા છે, ૫૦ શૈક્ષણિક પઝલ્સ ઉકેલી છે. આ ઉપરાંત તે ૧ થી ૧૦૦ અંગ્રેજી આંકડા અને ગુજરાતી સ્વર-વ્યંજન બોલી તેમજ વાંચી બતાવે છે. એક મહિના પહેલા જ ગુજરાત બુક ઓફ રેકોર્ડ્સમાં પોતાનું નામ અંકિત કરનાર ગુજરાતની પ્રથમ દિવ્યાંગ બાળકી તરીકે હેત્વી સિદ્ધિ હાંસલ કરી ચૂકી છે. ત્યારબાદ આગળ વધતા તેમણે મહત્તમ પ્રમાણપત્રો પ્રાપ્ત કરનારી મનોદિવ્યાંગ દિકરી તરીકે ઈન્ડિયા બુકમાં પણ રેકોર્ડ કરી બતાવ્યો છે. આ સિદ્ધિ બદલ હેત્વીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ પ્રમાણપત્ર, ગોલ્ડ મેડલ, પેન, રેકોર્ડબુક, રેકોર્ડ કાર સ્ટીકર જેવા મોમેન્ટો ઉપરાંત રેકોર્ડ કિટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ગુજરાતના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે હેત્વીને વિશેષ અભિનંદન, આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે ઈન્ડિયા બુક રેકોર્ડ્સ કીટ આપીને હેત્વીનું સન્માન કરવામાં આવ્યું હતું. હેત્વીના પ્રેરણાસ્ત્રોત એવા તેમના પિતા કે જે તેમના માર્ગદર્શક શિક્ષક પણ છે, તેઓ હવે દીકરી વર્લ્ડ રેકોર્ડ બનાવી વિશ્વમાં દેશનું નામ રોશન થાય તે માટે પ્રયત્નો કરી રહ્યા છે.

આણંદ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા "ડેન્ગ્યુ અટકાવવા સહભાગી બનીએ" થીમ આધારિત સાતમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ

જન જાગૃતિ અર્થે વિવિધ માધ્યમો દ્વારા પ્રચાર પ્રસાર કરાયો

કમલમ્ ન્યુઝ,આણંદ,

લોકોમાં ડેન્ગ્યુ વિશે જાગૃતિ ફેલાવવા દર વર્ષે ૧૬ મે ના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત આણંદ જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા આણંદ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, શહેરીઆરોગ્ય કેન્દ્રો, જીલ્લા સબ હોસ્પિટલ તેમજ જનરલ હોસ્પિટલ ખાતે "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" ની ઉજવણી કરવામાં આવી હતી. "ડેન્ગ્યુ અટકાવવા સહભાગી બનીએ" થીમ આધારિત સાતમાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી નિમિત્તે આણંદના નવા એસ.ટી બસ સ્ટેન્ડ ખાતે ટેન્ટમાં મચ્છરના જીવન ચક્રનું જીવંત પ્રદર્શન યોજવામાં આવ્યું. જે દરમિયાન ૬૦૦૦ પત્રિકા વિતરણ, ૧૫૦૦ લોકોને વ્યક્તિગત આરોગ્ય શિક્ષણ, રેલી, શિબિર, માઈકિંગ, બેનર તેમજ સોસિયલ મીડિયા દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મેલેરીયા મુક્ત ગુજરાત અંતર્ગત આરોગ્ય મંત્રીશ્રીના પત્ર રૂપી સંદેશાને જીલ્લાના તમામ ગામોના સરપંચ, તાલુકા પંચાયત સભ્ય, જીલ્લા પંચાયત સભ્ય સુધી પહોંચાડવામાં આવ્યો હતો. નોંધનીય છે કે આણંદ જિલ્લામાં ગત વર્ષ દરમિયાન ડેન્ગ્યુના કુલ ૧૪૭ કેસો નોંધાયા હતા. જ્યારે ચાલુ વર્ષે ડેન્ગ્યુના ફક્ત ૧૨ કેસો નોંધાયા છે.

અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે આવેલ જય અંબે બિનવારસી મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં જિલ્લા કલેકટરશ્રીની મુલાકાત

કમલમ્ ન્યુઝ,અરવલ્લી

અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે આવેલ જય અંબે બિનવારસી મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં જિલ્લા કલેકટરશ્રી પ્રશસ્તિ પારિક દ્વારા મુલાકાત લેવામાં આવી. અરવલ્લીના બાયડમાં જય અંબે માં બુદ્ધિ મહિલા સમાજ ટ્રસ્ટ દ્વારા બિન વારસી મન બુદ્ધિ દિવ્યાંગ બહેનો માટે આશ્રય સ્થાન માટે આશ્રમ શરૂ કરવામાં આવ્યો છે.સમાજથી તિરસ્કાર થયેલી, સ્ટેશનો ઉપર ફરતી અજાણી મન બુદ્ધિ ધરાવતી મહિલાઓને અહીં લાવવામાં આવે છે તેમની અહીં શારીરિક સારવાર સાથે માનસિક સારવાર પણ કરવામાં આવે છે જય અંબે મન બુદ્ધિ સેવા આશ્રમ અત્યાર સુધી રાજયની અને પરપ્રાંતીય માનસિક રોગી મહિલાઓને પ્રેમરૂપી હું પન આરોગ્ય સારવાર કરાવી તેમના પરિવાર સાથે અંદાજિત ૨૦૦ જેટલી મહિલાઓને મિલન કરાવવામાં સફળ રહ્યું છે.અત્યારે આશ્રમમાં ૨૦૦ મહિલાઓ અને ૭૬ પુરુષો આશ્રય લઈ રહ્યા છે. આજે અરવલ્લી જિલ્લાકલેક્ટર શ્રી એ બાયડ ખાતે આશ્રમમાં મુલાકાત લીધી હતી એ સાથે જ તે આશ્રમની અંદર થતી દરેક કામગીરી અને આશ્રિતો માટેની સગવડોનું નિરીક્ષણ કર્યું હતું.અને ત્યાં આશ્રિત લેનાર દરેકને સોમનાથ મંદિર દ્વારા આપવામાં આવેલી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દરેક મહિલા અને પુરુષોએ ખૂબ જ ખુશીથી સ્વીકારી હતી. કલેકટર સૌ દ્વારા તેના ટ્રસ્ટીઓ અને ત્યાં કામ કરનાર દરેક વ્યક્તિની હિંમતને અને અજાણ્યા લોકોની દેખરેખ રાખવા માટે તેમની ધગશને બિરદાવી હતી. દરેક ખૂબ જ સુંદર એવી કામગીરી કરી રહ્યા છે અને આગળ પણ એવી કામગીરી કરતા રહે તે માટે શુભકામનાઓ પાઠવી હતી.

અમદાવાદમાં ભારતની સૌ પ્રથમ રેકી હોસ્પીટલ કાર્યરત-દિવ્યાંગ તેમજ જરૂરીયાતમંદો માટેઆ સેવાયજ્ઞામાં વિનામુલ્યે થશે સારવાર

સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાન ઉપર મુંબઇ સ્થિત સેવામૂર્તિ ૯૫ વર્ષીય હંસાબેનના અનેરા આશીર્વાદ મળ્યા

કમલમ્ ન્યુઝ,જામનગર
ભરત ભોગાયતા

સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાન અમદાવાદ દ્વારા સમગ્ર ભારતમાં પ્રથમ બીકે મહેતા મેમોરિયલ રેકી હોસ્પિટલ અને વેલનેસ સેન્ટર ખોલવામાં આવ્યું છે જેનું ઉદ્ઘાટન ગત તારીખ ૧૫મે ૨૦૨૩ ના રોજ મુખ્ય અતિથિ ડૉ. કેતકી શાહ અને રેકી ગુરુ આશુતોષ બહુગુણા જી ના વરદ હસ્તે તેમજ અન્ય મહેમાનો હાર્દિક ઠક્કર, અતુલ સકસેના દ્વારા કરવામાં આવ્યું હતું. , ઉપદેશ યાદવ અચ્યુત ભાઈ બધાએ સ્ટેજ પર બિરાજમાન થઈને દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી, કાર્યક્રમમાં દૂરદૂરથી બધા આવ્યા જેમાં દિવ્યાંગ ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને દૂર દૂરથી અનેક રેકી કરનારાઓએ ભાગ લીધો હતો. આ હોસ્પિટલ અંધ વિકલાંગ ભાઈઓ અને બહેનો માટે અને જરૂરિયાતમંદ લોકો માટે સંપૂર્ણપણે મફત છે, જ્યાં તેઓ પોતાની અને પોતાનાની સારવાર કરાવી શકે છે, મુંબઈ સ્થિત હંસાબેન મહેતા જેમની વય ૯૫ વર્ષ છે તેમણે સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાનનું સપનું સાકાર કર્યું હતું, સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાનના સૌ સમર્પિતો , જેઓએ અંધ ભાઈઓ અને બહેનોને મદદ કરવા માટે તેમનું આખું જીવન સમર્પિત કર્યું છે અને જરૂરિયાતમંદોને સમર્પિત, હંસાબેન આ યુગમાં અન્ય લોકો માટે એક ઉત્તમ ઉદાહરણ છે, લગભગ ૬૫ વર્ષથી લગભગ ૩૨ વર્ષ સુધી ગુજરાતની ૧૬ સંસ્થાઓને આર્થિક રીતે મદદ કરી આજે પણ સમાજ માટે એક અલગ ભૂમિકા ઉભી કરી છે.તેમને મદદ કરીને આગળ લાવ્યા છે. અંધ અપંગ ભાઈઓ અને બહેનોને રોજગારી આપવા માટે વર્ષોથી

રેકી તેમજ ભારતીય પ્રાચીન સ્પર્શ પદ્ધતિ દ્વારા ઉર્જાના આદાન પ્રદાન થી મનોદૈહિક તકલીફો દૂર કરવાની ઉર્જા મળે છે તેમ જણાવતા ડો. રીતુસિંઘ

સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાન અમદાવાદ સ્થિત તાલીમ કેન્દ્ર હંમેશા સહકાર આપે છે.તે ચાલી રહ્યું છે જેમાં અંધ ભાઈ-બહેનોએ ભીખ માંગવી ન પડે, એટલા માટે સંસ્કૃતિ માનવ સેવા સંસ્થાએ અંધ અપંગ ભાઈ-બહેનો માટે આ રેકી હોસ્પિટલ બનાવી છે અને તેમને સાજા થવાની તક આપી છે, સાથે જ તેઓ પોતાની સારવાર પણ કરી શકે છે. અન્યની સારવાર કરીને રોજગાર મેળવો.અને પોતાના પગ પર ઉભા રહી શકવા સક્ષમ બનો, તેથી જ તેમને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી રહી છે.૬૫ થી વધુ અંધ ભાઈ-બહેનોએ રેકી શીખી અને તેનો અમલ કર્યો છે સમગ્ર કાર્યક્રમનુ સુચારુ આયોજન સંકલન પ્રસ્તુતિ સંસ્થાનના સંચાલક ડૉ. રીતુ સિંઘ એ કરી હતી સંસ્કૃતિ માનવ સેવા સંસ્થા દ્વારા અનેક વિસ્તારોમાં રેકી અવેરનેસ પ્રોગ્રામ કરવામાં આવી રહ્યો છે, જેમાં ઘણા વિકલાંગ ભાઈઓ-બહેનો અને જરૂરિયાતમંદ બહેનોને તાલીમ આપવામાં આવી રહી છે, જેથી તેઓ પોતે સ્વસ્થ થઈ શકે અને બીજાને સાજા કરી શકે, આ નકારાત્મક ઉર્જા દ્વારા માનસિક, શારીરિક, તમામ શક્તિઓ દૂર થાય છે. આર્થિક અને ભાવનાત્મક સારવાર કરવામાં આવે છે, તાલીમ પણ દર્શાવે છે કે દરેક સારવાર શક્ય છે, ડો. રિતુ સિંઘ જે રેકી માસ્ટર છે એક અભિયાન શરૂ કર્યું છે કે દરેક વિસ્તારના દરેક ઘર, દેશના દરેક ભાગમાં કે આ ઈવેન્ટ ખાસ કરીને જરૂરિયાતમંદ લોકો માટે ચાલુ રહેશે. ભાઈઓ અને બહેનો અને વિકલાંગ ભાઈઓ અને બહેનો, અને આ માટે સંપૂર્ણ મહેનત હંમેશા કરવામાં આવશે આ સંકલ્પને આ રેકી હોસ્પીટલ થી અનેરી ઉર્જા મળી છે

ચિંતન શિબિર એટલે વિકાસ માટેનું સામૂહિક મનોમંથન સ્વાગત કાર્યક્રમની જેમ વડાપ્રધાનની આ સુશાસન પહેલ પણ પૂરા કરશે વીસ વર્ષ

કમલમ્ ન્યુઝ,

જીવનનું કોઈપણ કાર્ય કેમ ન હોય, વિચાર્યા વગર કરી શકાતું નથી. અને જો વિચાર્યા વગર કરી નાખ્યું, તો એનું પરિણામ શું આવશે; એ ચોક્કસ પણે કહી શકાતુ નથી. કામ ગમે તેટલું નાનું હોય કે મોટું, ચોક્કસ વિચાર અને વિઝન સાથે કરીએ તો ધાર્યું પરિણામ મળવાની શક્યતાઓ અનેકગણી વધી જાય છે. વળી, જો એમાં એક કરતા વધુ લોકોના મંતવ્યો ભળે, અનુભવીઓનું માર્ગદર્શન ભળે, તો પછી તો સોને પે સુહાગા! આ તો વાત થઈ અંગત જીવનની કે પરિવારની. આવા કિસ્સામાં પોતાની જાત કે પરિવારના સભ્યો સાથે સલાહ સૂચન કરવાનું થાય, જે પ્રમાણમાં સરળ છે. પણ વ્યાવસાયિક કે સામાજિક જીવનની વાત હોય તો! પ્રમાણમાં સલાહ સૂચન અઘરું છે, પણ એનું મહત્વ ખૂબ વધી જાય છે. એ જ રીતે, જ્યારે વાત આખી સરકારની હોય તો! એ સરકારની કે જેમના કામથી દેશનો એકે-એક નાગરિક પ્રભાવિત થવાનો હોય. એક ખોટો નિર્ણય લાખો લોકોના જીવનને કષ્ટમય બનાવી દે એમ હોય, કે પછી એક સારો નિર્ણય લાખો લોકોના જીવનને સુખમય બનાવી શકવા સક્ષમ હોય. આવા વખતે વિચારોનું આદાન-પ્રદાન કે મંથન કેટલુ મહત્વનું બની જાય એની કલ્પના પણ ન કરી શકાય! જો કે, આવી વિચારગોષ્ઠીનું મહત્વ સમજીને જ તત્કાલીન ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સરકારને મનોમંથન કરવા પ્રોત્સાહિત કરી હતી. એમાંથી જન્મ થયો ચિંતન શિબિરનો. એક એવી શિબિર જેમાં નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ સમસ્યાઓ પર વિચારે, એ વિચારોનું આદાન પ્રદાન કરે, અને એ સમસ્યાનું કોઈ નક્કર નિરાકરણ લાવવા માટેની એક કાર્ય યોજના ઘડી કાઢે. આમ, ચિંતન શિબિર એટલે બીજું કંઈ નહીં, પરંતુ વિકાસ માટેનું સામૂહિક મનોમંથન! વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૦૩ માં ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ચિંતન શિબિરની શરૂઆત કરાવી હતી. તેમની આ સુશાસન માટેની પહેલને આગળ વધારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ૧૯થી ૨૧ મે દરમિયાન દસમી ચિંતન શિબિરનો શુભારંભ કરાવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે યોજાનારી આ શિબિરમાં મુખ્યમંત્રી સહિત રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવશ્રી તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય સલાહકાર સહિત વરિષ્ઠ અધિક મુખ્ય સચિવશ્રીઓ, સચિવો, અગ્ર સચિવો તથા જિલ્લાના કલેક્ટર-ડી.ડી.ઓ, મહાનગરોના કમિશ્નરો, ખાતાના વડાઓ એમ કુલ મળીને ૨૩૦ જેટલા મહાનુભાવો જોડાશે. આ વર્ષે યોજાનારી ચિંતન શિબિરમાં પાંચ વિષયો પર મનોમંથન થવાનું છે. તેમાં આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાકીય વિકાસ, સરકારી અને તમામ સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતાનિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય વિકાસ અને ક્ષમતાનિર્માણને આવરી લેવાશે. શિબિરમાં સહભાગી થનારા અધિકારીઓ, પ્રત્યેક ગ્રુપમાં ૪૫, એમ પાંચ ગ્રુપમાં ચર્ચાસત્રોમાં જોડાશે અને ચર્ચાને અંતે પોતાના નિષ્કર્ષ-ભલામણો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, વિવિધ વિષયોના તજજ્ઞો આ સત્રોમાં પ્રેરક માર્ગદર્શન પણ આપશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી સુશાસનની એક મહત્વપૂર્ણ પહેલ 'સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમે' હાલમાં જ ૨૦ વર્ષ પૂરા કર્યા છે. એ જ રીતે, ૨૦૦૩ માં શરૂ થયેલી ચિંતન શિબિર પણ પોતાના ૨૦ માં વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. જેમ, સ્વાગત જેવો ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્ય રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે પણ અપનાવ્યો છે, એ જ રીતે, ચિંતન શિબિરનું આયોજન એક યા બીજા સ્વરૂપમાં અન્ય સરકારોએ અપનાવ્યું છે. ઓકટોબર ૨૦૨૨ માં કેન્દ્ર સરકારે રાજ્યોના ગૃહ મંત્રીઓની ચિંતન શિબિર યોજી હતી; તો હાલમાં જ ૧૧ મે ના રોજ કેન્દ્રના સામાજિક અને અધિકારિતા મંત્રાલયે પોતાના અધિકારીઓ માટેની ચિંતન શિબિર યોજી હતી. વળી, ૧૭ મે ના રોજ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે પોતાના વરિષ્ઠ અધિકારીઓ માટે નવી દિલ્હી ખાતે ચિંતન શિબિરનું આયોજન કર્યું છે. જેમ સ્વાગત કાર્યક્રમ કોઈ એક વ્યક્તિની અંગત સમસ્યાનું ત્વરિત સમાધાન આપે છે, એ જ રીતે, ચિંતન શિબિર આખા જન-સમુદાય માટે કોઈ વિષય પર વધુ સારું સમાધાન પૂરું પાડવાની તક આપે છે. આમ, કોઈ પહેલ પોતાના ૨૦ માં વર્ષે પણ ચાલુ હોય અને અન્ય સરકારો દ્વારા પણ અપનાવાઈ હોય, એ વાત જ, એ પહેલ કેટલી સફળ છે અને લોક-ઉપયોગી બની રહી છે તેની ચાડી ખાય છે. રોજબરોજના રાબેતા મુજબના કામમાં વ્યસ્ત રહીને ખાસ મુદ્દાઓ પર લાંબા ગાળાની યોજના બનાવવાનો ક્યારેક સમય રહેતો નથી. વળી, કોઈ એક કાર્યયોજના જે-તે વિભાગના અધિકારીઓ જ બનાવતા હોય છે, તેમાં અન્ય અધિકારીઓ કે તજજ્ઞોનો અભિપ્રાય લેવો પણ અઘરું બની રહેતું હોય છે, ત્યારે આવી ચિંતન શિબિર; આ ખોટને પુરવાનું કામ કરે છે. ચિંતન શિબિરમાં અધિકારીઓ પોતાના નિત્યક્રમથી દૂર; સ્વસ્થ ચિતે, ભેગા મળીને કોઈ એક વિષય પર સઘન મનોમંથન કરી શકે છે. આમ, ચિંતન શિબિર કેટલીય ઈનોવેટિવ પહેલની જનક બની શકે; કે જે લોકોને જીવન જીવવાની સરળતામાં (Ease of Living)માં અનેક ગણો વધારો કરી આપે. બની શકે કે વર્ષોથી વણઉકેલાયેલા પ્રશ્નોનું સમાધાન ત્રણ દિવસની ચિંતન શિબિરમાં આવી જાય! રોજબરોજના કામમાં સાઈડમાં રહી જતાં મુદ્દાઓ પર ચિંતન શિબિરમાં મનોમંથન થઈ જાય! અને જેમ સમુદ્રમંથનને અંતે અમૃત મળી આવ્યું એમ ચિંતન શિબિરને અંતે કોઈ ઠોસ સમાધાન મળી જાય!

પાટનગર ગાંધીનગરના બાયપાસ તરીકે ઉપયોગમાં લેવાતા પાલજ-બાસણ-શાહપૂર રોડના મજબૂતીકરણ માટે ૨૪.૪૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પાટનગર ગાંધીનગરના બાયપાસ રોડ તરીકે ઉપયોગમાં લેવાતા પાલજ-બાસણ-શાહપૂર રોડના મજબૂતીકરણ માટે ૨૪.૪૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ પાલજ-બાસણ-શાહપૂર માર્ગ પર ભારે વાહનોનો ટ્રાફિક રહે છે તે સંદર્ભમાં આ માર્ગના મજબૂતીકરણ માટેની દરખાસ્ત માર્ગ-મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ માર્ગ-મકાન વિભાગનો હવાલો પણ ધરાવે છે અને તેમણે રૂ. ૨૪.૪૭ કરોડની દરખાસ્તને અનુમોદન આપતાં આ માર્ગના મજબૂતીકરણનું કામ હવે હાથ ધરી શકાશે. આ રસ્તાનું મજબૂતીકરણ થવાને પરિણામે પાલજ-બાસણ જેવા ગાંધીનગર સાથે જોડાયેલા ગામો તેમજ આઈ.આઈ.ટી ગાંધીનગર માટે સુવિધાયુકત કનેક્ટિવીટી ઉપલબ્ધ થશે. એટલું જ નહિ, ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાઓ તરફથી આવતા વાહનોને ગિફટ સિટી જવા માટે તથા ગાંધીનગર બાયપાસ કરવા માટે સરળ અને સારો રસ્તો મળશે.

નર્મદા પરિક્રમા માટે આવતા યાત્રાળુઓ માટે પુરી પાડવાની સુવિધાઓના આગોતરા આયોજન માટે કલેકટરશ્રી તુષાર સુમેરાએ પરિક્રમા રૂટની મુલાકાત કરી

વમલેશ્વર ગામ આદર્શ ટુરિઝમ સ્પોર્ટ તરીકે વિકસિત થાય તેવા પ્રયાસ કરવા માટે ભરૂચના કલેક્ટરશ્રી તુષાર સુમેરાએ નેમ વ્યક્ત કરી

કમલમ્ ન્યુઝ,

ગુજરાત અને દેશભરમાં નર્મદા નદીની પરિક્રમા ધાર્મિક રીતે ખૂબ જ માહત્મય ધરાવે છે. નર્મદાની પરિક્રમા માટે દર વર્ષ હજારો યાત્રાળુઓ મુલાકાત લેતા હોઈ છે. ત્યારે આ પરિક્રમા રૂટ પર સુવિધાના અભાવે પરિક્રમાવાસીઓને મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે તે માટે છે. આ રૂટ પર સુવિધાઓના આગોતરા આયોજન માટે કલેક્ટર શ્રી તુષાર સુમેરાએ પરિક્રમા રૂટની મુલાકાત કરી હતી. આ રૂટની મુલાકાત વેળાએ, પરિક્રમા પર આવેલા અલગ- અલગ સ્થળોની પણ મુલાકાત યોજી સ્થળ પર જ બેઠકનું આયોજન કર્યુહતું. પરિક્રમારૂટ પર નડતી સમસ્યાઓની જેવી કે, ભોજનાલય, લેડીઝ ટોઈલેટ જેવી બાબતો ઉપર ઝિણવટથી ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે તેમણે તંત્ર દ્વારા આગામી સમયમાં નર્મદા પરિક્રમાના રૂટ પર જરૂરીયાતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની નેમ પણ વ્યકત કરી હતી. વધુમાં, નર્મદા પરિક્રમા યાત્રાળુઓને અગવડ ન પડે તે પ્રમાણે થાય તે માટે પણ ચર્ચા અને પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં નર્મદા પરિક્રમા માટે જાણીતું બનેલું વમલેશ્વર ગામ આદર્શ ટુરિઝમ સ્પોર્ટ તરીકે વિકસીત થાય તેવા પ્રયાસ કરવા માટે ભરૂચના કલેકટરશ્રી તુષાર સુમેરાએ નેમ વ્યક્ત કરીહતી. આ મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી પી.આર.જોષી, પ્રવાસન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ વમલેશ્વર ગામના સરપંચ અને આગેવાનો હાજર રહ્યા હતા.

એલ. ઈ. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ડિપ્લોમામાં પ્રવેશ અંગે માર્ગદર્શન અપાશે

કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબીની એલ.ઈ. કોલેજ(ડિપ્લોમા) દ્વારા એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ (ACPDC) અમદાવાદ વતી ITI કેમ્પસની બાજુમાં, મહેંદ્રનગર પાણીની ટાંકી સામે, ઘુંટુ રોડ, મોરબી-૨ ખાતે તા.૨૦/૦૫/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે "કારકિર્દી માર્ગદર્શન સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર અન્વયે કોલેજનાં નિષ્ણાંતો દ્વારા ડિપ્લોમાની જુદી જુદી શાખાઓની માહિતી આપવામાં આવનાર છે. વાલીશ્રીઓને મુંજવતા પ્રશ્નો જેવા કે, ધોરણ ૧૦ પછી અને ITI અભ્યાસ પછી ડિપ્લોમા એન્જિનિયરિંગમાં એડમિશન માટેની ઓનલાઈન પ્રક્રીયા વગેરે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જેથી ધોરણ ૧૦નો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અને કાર્યક્રમનો બહોળો લાભ લેવા માટે મોરબીની એલ. ઈ. કોલેજ(ડિપ્લોમા)ના આચાર્યશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

કમલમ્ ન્યુઝ,

જીસીએસ હોસ્પિટલ ખાતે વર્લ્ડ હાઈપર ટેન્શન ડે નિમિત્તે એક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું આ પ્રોગ્રામમાં જીસીએસ હોસ્પિટલમાં આવતા દરેક પેશન્ટનું બીપી ચેક કરવામાં આવ્યું અને દરેક લોકોનું હાઈપર ટેન્શન માટે કાઉન્સિલિંગ કરવામાં આવ્યું.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ઘરે ઘરે સર્વે કરી લોકોને સમજ આપી મચ્છર ઉત્પતિના સ્થાનો શોધી પોરાનાશક કામગીરી કરાઈ

ડેન્ગ્યુને સામાન્ય તાવ માની સારવાર ન કરવામાં આવે તો મૃત્યુનું જોખમ વધી શકે : ડો. જે.એસ. દુલેરા- જિલ્લા આરોગ્ય અધિકારી

કમલમ્ ન્યુઝ,

દર વર્ષે ૧૬ મે ના રોજ "રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ"ની ઉજવણી મચ્છરજન્ય રોગ અને તાવ વિશે જાગૃતિ ફેલાવવા માટે કરવામાં આવે છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૨૩માં આ રોગની નાબૂદી માટે "Harness partnership to defeat Dengue" થીમ સાથે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેન્ગ્યુનો તાવ પીડાદાયક છે. જો યોગ્ય સારવાર ન કરવામાં આવે તો મૃત્યુનું જોખમ પણ વધી શકે છે. ડેન્ગ્યુનો તાવ એ એક પીડાદાયક અને મચ્છરજન્ય રોગ છે. મચ્છરની વિશેષ પ્રજાતિ એડીસ પ્રજાતિઓને કારણે ફેલાય છે. આ મચ્છરો મેલેરિયાના વાઈરસનું વહન કરે છે જે મનુષ્યમાં મચ્છરજન્ય બીમારીનું કારણ બને છે. ઘણી વાર લોકોને ખબર પણ નથી પડતી કે આ તાવ ચેપજન્ય અને ગંભીર છે. ડેન્ગ્યુના લક્ષણોમાં સતત તાવ, સાંધા તથા માંસ-પેશીઓમાં દુખાવો, ચામડી ઉપર ચકામા, થાક લાગવો અને ગભરામણ થવી તેને લોકો સામાન્ય ગણી કાઢે છે જે લાંબા ગાળે હાનિકારક બની શકે છે. જેથી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ઘરે ઘરે સર્વે કરી લોકોને સમજ આપી મચ્છર ઉત્પતિના સ્થાનો શોધી પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. આ અંગે જિલ્લા મલેરિયા અધિકારી ડો. નિલેશ પટેલે જણાવ્યું કે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી માર્ગદર્શન હેઠળ જિલ્લાની પી.એચ.સી. અને પી.એચ.સી.ના સ્ટાફ દ્વારા કાયમી અને હંગામી બ્રીડીંગ સ્થળ જેવા કે, હવાડા, કુવા, હોજ અને તળાવ સહિતના સ્થળો પર મચ્છર નાશક કામગીરી કરવામાં આવે છે. આ સિવાય ઘર-સ્કૂલોમાં પણ તપાસ કરવામાં આવે છે. જિલ્લામાં પીપળા, કુંડા, ટાયર અને ફ્રીઝ સહિતના પાત્રો ચેક કર્યા હતા. મચ્છરના પોરા મળતા પાત્રોમાં ટેમીફોસ પ્રવાહી નાખવાની કામગિરી કરવામાં આવી હતી.

ડેન્ગ્યુને કેમ ગંભીર ગણવામાં આવે છે ?

ભરૂચ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જે.એસ. દુલેરાએ જણાવ્યું કે, માદા ચેપી મચ્છર કરડવાથી આ રોગ થાય છે. જે લોહીમાં સફેદ કણને ખાઈ છે. માનવ શરીરમાં સફેદ કણ કુલ ૪૦૦૦ થી ૧૧૦૦૦ હોય છે. જો આ કણ ઘટીને ૧૫૦૦ થઈ જાય તો માનવ શરીરની ચામડીમાંથી લોહી આવે છે અને માનવી મૃત્યુ પણ પામે છે. જેથી ડેન્ગ્યુ રોગથી બચવા માટે લોકોને જાગૃત કરી પોરાનાશક કામગીરી કરવામાં આવી રહી છે. આ સિવાય શિબિર આયોજન, પત્રિકા વિતરણ, પોરા નિદર્શન અને પોરાભક્ષક માછલી નિદર્શન જેવા માધ્યમો થકી આ રોગનો ફેલાવો અટકાવવાની કામગીરી કરવામાં આવે છે.

ડેન્ગ્યુ અટકાવવા માટેના ઉપાયો

ઘરની આસપાસ ખાનગી/ કોમન પ્લોટમાં પાણીના ભરાવાને દૂર કરવુ, પાણીની ટાંકી તથા સંગ્રહ કરવાના વાસણો જેવા કે, કેરબા, માટલા, ડોલ, હોજ જેવી જગ્યાએ આ મચ્છરો ઉત્પન્ન થાય છે. જેથી આવા પાણી સંગ્રહના સાધનો ખુલ્લા ન રાખી હવા ચુસ્ત ઢાંકવુ અથવા કપડાથી બાંધી દેવુ, સંગ્રહેલા પાણીને દર ત્રીજા દિવસે એક વાસણમાંથી બીજા વાસણમાં ગાળી ઉત્પન્ન થયેલા પોરાઓનો નાશ કરવો અને મચ્છરના ઈંડાના નાશ માટે વાસણના તળિયા ખૂબ ઘસીને સાફ કરવા અને પાણીના મોટા હોજ અને ટાંકામાં પોરા ભક્ષક માછલી આરોગ્ય કેન્દ્રમાંથી લાવીને નાંખવી હિતાવહ છે.

૧૬મી મે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ઉજવણી કરાઈ

ધાર્મિક ભટ્ટ

વિશ્વ ડેન્ગ્યુ દિવસ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને જિલ્લા મેલેરીયા અધિકારીશ્રી અરવલ્લી જિલ્લા પંચાયત મોડાસાના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી બાયડના સહયોગથી બાયડ તાલુકા ખાતે અને દરેક પ્રા.આ.કેન્દ્ર તેમજ સબ સેન્ટર પર વિશ્વ ડેન્ગ્યુ દિવસ નિમિતે જન-જાગૃતિ રેલીનુ આયોજન કરવામા આવેલ તેમજ તમામ જગ્યાએ વિવિધ આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિઓ અને પત્રિકા વિતરણ થકી વાહક જન્ય ગંભીર રોગો અટકાયત બાબતે તેમજ આ ગંભીર રોગથી પોતે કેવી રીતે બચી શકાય તથા પોતાના પરિવારને સુરક્ષિત રાખી શકાય તે બાબતે જન-જાગૃતિ કરવામા આવેલ છે. "ઘરમાં અને કાર્યસ્થળોમાં મચ્છરના પોરાને શોધો અને નાશ કરો""ઊઁફુહિજજ઼ઁફુહિજિરૈઁ ફ્રી-કીફું ફ્રીહષ્ણી- ડેન્ગ્યુ અટકાવવા સહભાગી બનીએ' જીમ્ઝઝના માધ્યમથી ઉક્ત સંદેશો આપવામાં આવ્યો હતો જે અંતર્ગત વ્યક્તિ વાહક જન્ય ગંભીર રોગોથી પોતે કેવી રીતે બચી શકે તથા પોતાના પરિવાર ને સુરક્ષિત રાખી શકે તે બાબતે જન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ પ્રકારની માહિતી જીમ્ઝઝ ટીમ અરવલ્લી દ્વારા આપવામાં આવી.

અંજાર આઈટીઆઈ કેમ્પસ ખાતે "Y-20 ગુજરાત યુવા સંવાદ" કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા "Y-20 ગુજરાત યુવા સંવાદ " કાર્યક્રમનું આયોજન આઈ.ટી.આઈ. અંજાર મધ્યે કરવામા આવ્યું હતું. જેમા મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ, નગરપાલિકા પ્રમુખ શ્રી લીલાવતીબેન પ્રજાપતિ, આચાર્યશ્રી જયેશ પીઠડીયા, તાલુકા હેલ્થ ઓફિસર શ્રી અંજારીયા, ઈન્ચાર્જ આચાર્યશ્રી રોહિતભાઈ નાઈ, કચ્છ જિલ્લા સંયોજક નિર્મલભાઈ સેંધાણી તેમજ નગર સંયોજક વાલજી જરુ તેમજ દેવજીભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા એવું પ્રિન્સીપાલશ્રી આઈટીઆઈ અંજાર કચ્છની અખબારીયાદીમાં જણાવાયું છે.

નર્મદા જિલ્લાના કેવડીયા-એકતાનગર સ્થિત ટેન્ટ સિટી-૨ ખાતે ત્રિ-દિવસીય ૧૦ મી ચિંતન શિબિર તા.૧૯થી૨૧ મે,૨૦૨૩ દરમિયાન યોજાશે

સ્પીપાના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી વિજયભાઈ ખરાડીની અદયક્ષતામાં વિવિધ સમિતિઓએ કરવાની કામગીરીની સમીક્ષા કરી ટેન્ટસીટી-૨ ખાતે સ્થળ નિરિક્ષણ કરી રહેવા-જમવાની વ્યવસ્થાનો તાગ મેળવ્યો

મુખ્યમંત્રીશ્રી સહિત રાજ્યના મંત્રી મંડળની સમગ્ર ટીમ અને મુખ્ય સચિવશ્રી સહિત રાજ્યના વિવિધ વિભાગોના સેક્રિટરીશ્રીઓ, કલેક્ટરશ્રીઓ, ડીડીઓશ્રી અને મ્યુનિસિપલ કમિશનરશ્રી સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ ત્રણ દિવસ સમૂહ ચિંતન કરશે અને વિવિધ વિષયો પર ગૃપ ડિસ્કશન કરી પ્રજા કલ્યાણના નિષ્કર્ષના તારણો પર મનોમંથન કરશે

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે રાજ્યના વિકાસને વધુ વેગવાન અને પ્રજા કલ્યાણની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે રાજ્ય સરકાર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ તથા મુખ્ય સચિવશ્રી સહિત વિવિધ વિભાગોના આઈ.એ.એસ. અધિકારીશ્રીઓ દ્વારા ત્રિ-દિવસીય સમૂહ ચિંતન કરવામાં આવે છે. ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતને બનાવવાની કવાયત આ ચિંતન શિબિરમાં કરવામાં આવે છે. આ વર્ષે નર્મદા જિલ્લાના કેવડિયા-એકતાનગર સ્થિત ટેન્ટ સિટી-૨ ખાતે રાજ્યની ૧૦ મી ચિંતન શિબિર આગામી તારીખ ૧૯-૨૦-૨૧/૦૫/૨૦૨૩ ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાશે. આ ત્રિ-દિવસીય શિબિરનો પ્રારંભ પ્રથમ દિવસે બપોર બાદ કરવામાં આવશે. અને બીજા દિવસે સવારે યોગ થકી કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવશે. દિવસ દરમિયાન વિવિધ પાંચ ગૃપો દ્વારા શિક્ષણ, જાહેર સેવા, આરોગ્ય, શહેરી વિકાસ અને પંચાયત વિભાગના વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે. ચર્ચાના અંતે જન કલ્યાણ અને વિવિધ યોજનાઓને વધુ અસરકારક બનાવવા માટે જે તે ગૃપ પોતાના તારણો પ્રસ્તુત કરશે. રાજ્યના સિનિયર-જુનિયર ઉચ્ચ અધિકારીશ્રીઓ, જીએસઆરટીસી ની ૮ (આઠ) વોલ્વો બસો મારફત રાજ્યના વિવિધ જિલ્લાના સ્થળોએથી મુસાફરી કરી કુલ ૨૩૦ જેટલા આઈ.એ.એસ. અધિકારીશ્રીઓ આ શિબિરમાં ભાગ લેવા આવી પહોંચશે. અલગ-અલગ ૪૪ જેટલા અધિકારીશ્રીઓ રાઉન્ડ ટેબલ પર ગૃપ ડિશકશન કરશે. અને રાત્રી દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ, નર્મદા આરતી, સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત, રિવર રાફ્ટિંગ તેમજ વિવિધ પ્રકલ્પોની મુલાકાત લેશે. એક દિવસમાં ૭ જેટલી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવશે. અને પ્રોજેકટર પર પોતાનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવશે. ગેસ્ટ લેક્ચર દ્વારા જે તે વિષયના નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. આ શિબિરના આયોજન પૂર્વે જિલ્લાના પ્રભારી સચિવશ્રી એમ.એ.ગાંધી, જીના ઝઈશ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા, ડીડીઓશ્રી અંકિત પન્નુ અને લાયઝન તેમજ વિવિધ સમિતિના અધિકારીશ્રીઓ દ્વારા ટેન્ટસીટી-૨ ખાતે ઉપસ્થિત રહી સમૂહમાં સ્થળ વિઝિટ કરી આયોજન અને અમલવારીનું નિરિક્ષણ કર્યુ હતું. આજે તા.૧૬/૦૫/૨૦૨૩ના રોજ કેવડીયા વી.વી.આઈ.પી. સરકીટ હાઉસ ખાતે સ્પીપાના ડેપ્યુટી ડાયરેકટર જનલરશ્રી વિજયભાઈ ખરાડીની અધ્યક્ષતામાં ચિંતન શિબિરના આયોજન અંગે બનાવેલી વિવિધ સમિતિઓને સોંપવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્રણ દિવસ દરમિયાનની પ્રવૃતિઓની રૂપરેખા આપી હતી. આ બેઠકમાં રહેવા-જમવા, પાર્કિંગ, લાઈટ, ચા-પાણી-નાસ્તો અને લાયઝનીંગ વગેરે બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રાયોજના વહિવટદારશ્રી હનુલ ચૌધરી, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવશ્રી આર.ડી.ભટ્ટ,એડિશનલકલેકટરશ્રી ગોપાલ બાંભણીયા, નિવાસી અધિક કલેકટરશ્રી સી.એ.ગાંધી, SoUADTGAના નાયબ કલેકટરશ્રી દર્શક વિઠલાણી, પ્રાંત અધિકારીશ્રી શૈલેષ ગોકલાણી અને શ્રી આનંદ ઉકાણી, નાયબ માહિતી નિયામકશ્રી અરવિંદ મછાર સહિત વિવિધ સમિતિના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડાંગ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રભારી તરીકે શ્રી રાજેશ દેસાઈની નિમણૂક કરાઈ

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રભારી તરીકે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટિના પૂર્વ ચેરમેન શ્રી રાજેશ દેસાઈની નિમણૂક કરવામાં આવી છે. શ્રી રાજેશ દેસાઈની આ નિમણૂક બદલ ડાંગ જિલ્લાના ભાજપા પરિવારે તેમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી રાજેશ દેસાઈએ રાજ્યના વિકાસની સાથે કદમતાલ મેળવી રહેલા ડાંગ જિલ્લાના સર્વાંગીણ વિકાસ, સાથે છેવાડાના માનવીઓ સુધી યોજનાકીય લાભો પહોંચાડવાના કાર્યમાં સૌના સાથ સાથે સૌના વિકાસની નેમ વ્યકત કરી છે. આગામી લોકસભાની ચૂંટણી સહિત ભાજપા પરિવારના સંગઠનને મજબૂત કરવામા કોઈ કસર નહિ છોડવામાં આવે તેમ પણ શ્રી દેસાઈએ વધુમાં જણાવ્યું હતું.

શ્રી રાજેશ દેસાઈ, ભાજપા પ્રભારી, જિલ્લો ડાંગનો પરિચય

- શ્રી રાજેશ દેસાઈ (નિવૃત શિક્ષક)
- ૧૯૮૦ : ભાજપ સ્થાપના કાળથી આજ પર્યન્ત સક્રીય સભ્ય.
- હાલમાં કાર્યરત : મીડીયા કન્વીનર, દક્ષિણ ગુજરાત, ગુજરાત પ્રદેશ ભાજપ.
- ટ્રસ્ટી-પ્રમુખ : શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, સુરત.
- પૂર્વ ચેરમેન, સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકા, સુરત.
- પૂર્વ ડિરેકટર : ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC), ગાંધીનગર.
- પૂર્વ ચેરમેન : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.
- પૂર્વ પ્રમુખ : ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, અમદાવાદ.
- પૂર્વ સભ્ય : ગુજરાત રાજય માધ્ય. અને ઉચ્ચ. માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- પૂર્વ સેનેટ સભ્ય : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિર્વસીટી, સુરત.
- પૂર્વ પ્રવકતા : દક્ષિણ ઝોન, ગુજરાત પ્રદેશ,ભાજપ.
- પૂર્વ કન્વીનર : શિક્ષણ સેલ, દક્ષિણ ઝોન, ગુજરાત પ્રદેશ, ભાજપ.
- ૧૯૮૦ થી ૨૦૦૫ સુધી કોર્પોરેશન, વિધાનસભા, તથા લોકસભાના ચુંટણી કન્વીનર/ચુંટણી ઈન્ચાર્જની જવાબદારી,
- પૂર્વ પ્રભારી-૧૫૧, વાગરા વિધાનસભા,

ગાંધીનગર ઝોનના વિભાગીય નાયબ નિયામકશ્રીએ મમતા દિવસ અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અડાલજ તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર, ગાંધીનગર તાલુકાના ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અડાલજ સામૂહિક આરોગ્ય કેન્દ્રની ગાંધીનગર ઝોનના વિભાગીય નાયબ નિયામકશ્રીડો.એસ.કે.મકવાણાએ મુલાકાત લીધી હતી. તેમણે ઝાલાપરાવાસના મમતા દિવસના લાભાર્થી જેવા કે ૦થીપ વર્ષના બાળકો,સગર્ભા અને ધાત્રી માતાઓને રસીકરણ વિશે જરૂરી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ તેમજ જન ની સુરક્ષા,કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ ,પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાઓ પર સાહેબશ્રી દ્વારા ખાસ ભાર મૂકવામાં આવેલ તેમજ એનકવાસ અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરના AEFI એસેસમેન્ટ સમયસર થઈ જાય તેમજ પિયર એસેસમેન્ટ માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ઉપરાંત પ્રધાનમંત્રી માતૃત્વ સુરક્ષા અભિયાન અંતર્ગત જોખમી માતાઓને નિયમિત સમયાંતરે દર માસે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તપાસ કરાવવી અને તપાસ દરમ્યાન ગંભીરતા જણાય તો મેડિકલ સુવિધાઓ માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સિવિલ હોસ્પિટલ ખાતે તપાસ કરવા જણાવ્યું હતું. વિભાગીય નિયામકશ્રીએ અડાલજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ની મુલાકાત પણ લીધી હતી. મુલાકાત દરમ્યાન વિભાગીય નાયબ નિયામકશ્રી ડી.એસ.કે.મકવાણા તથા તાલુકા આરોગ્યઅધિકારીશ્રીડૉ.આર.કે.પટેલ દ્વારા મુલાકાત કરવામાં આવેલ.આ મુલાકાત દરમ્યાન સામૂહિક આરોગ્ય કેન્દ્રની તમામ કામગીરી અંગે સ્ટાફ સાથે સમીક્ષા કરી સામૂહિક આરોગ્ય કેન્દ્રના તમામ વિભાગ ,NCD ક્લિનિક, દાંત વિભાગ, લેબર રૂમ,ફિજીયોથેરાપી રૂમ,દવા રૂમ, ડ્રેસિંગ રૂમ, કોલ્ડ ચેઈન રૂમ ,આઈપીડી વિભાગ, લેબોરેટરી વિભાગ, ગાયનેક વિભાગની મુલાકાત કરીને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નર્મદા જીલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવમોગરા અને એસ.ડી.એચ.ગરુડેશ્વર ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૨ રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરીને "રક્તદાન એ મહાદાન"નું ઉત્તમ ઉદાહરણ

કમલમ્ ન્યુઝ,

નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા સગર્ભા માતાઓના જીવન રક્ષણ ઉદેશ સાથે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૩મી મેના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેવમોગરા અને એસ.ડી. એચ.ગરુડેશ્વર ખાતે આરોગ્ય શાખા જિલ્લા પંચાયત રાજપીપલાના તાલુકા હેલ્થ ઓફીસ ગરુડેશ્વર, સાગબારા, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી રાજપીપલા અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ભરૂચનાં સહયોગથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૨ રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. "રક્તદાન એ મહાદાન" નું ઉત્તમ ઉદાહરણ દાતાઓ દ્વારા પૂરું પડવામાં આવ્યું હતું. જેઓએ રક્તદાનથી ફક્ત સગર્ભા માતાઓના નહિ પરતું સમગ્ર સમાજને મદદરૂપ થઈ શકયા છે જે પ્રોત્સાહનને પાત્ર છે તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.જન્કકુમાર માઢ કે એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

"મેઈક ઇન ઈન્ડિયા" અંતર્ગત એડલ્ટ ડાયપર બનાવતી દેશની સૌથી મોટી કંપનીના ગોડલ સ્થિત એકમની મુલાકાત લેતા કેંદ્રીય મંત્રીશ્રી દર્શનાબેન જરદોશ

કમલમ્ ન્યુઝ,રાજકોટ, રાજકોટ જિલ્લાના ગોડલ તાલુકામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શરૂ કરાયેલી મેક ઈન ઈન્ડીયા દ્વારા પ્રેરિત પાન હેલ્થ પ્લાન્ટની કેન્દ્રીય કાપડ મંત્રીશ્રી દર્શનાબેન જરદોશએ મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ પ્લાન્ટ તેમજ લેબોરેટરીની મુલાકાત લઈને સમગ્ર કામગીરી બારીકાઈપૂર્વક નિહાળી હતી.

કંપની દ્વારા ઉત્પાદિત બેબી ડાયપર, એડલ્ટ ડાયપર, સેનેટરી પેડ્સ અને વ્યક્તિગત સૌંદર્ય પ્રસાધનો અંગેની વિગતો મેળવી હતી. તેમજ ઓડિશ્યો-વિઝ્યુઅલ માધ્યમથી તમામ કામગીરી દર્શાવતી ફિલ્મ નિહાળી હતી. આ કંપની સમગ્ર ભારતમાં એડલ્ટ ડાયપર બનાવવામાં મોખરે છે. ભારત સહિત અન્ય ૮ દેશો તેના ઉત્પાદનોનું વિશાળ બજાર ધરાવે છે. આ પ્લાન્ટ અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ છે. તમામ ઉત્પાદનોનું ક્વાલીટી ચેકીંગ અને લેબોરેટરી ચકાસણી કર્યા બાદ જ તેને વપરાશકર્તાઓ સુધી પહોંચાડવામાં આવે છે. મેઈક ઈન ઈન્ડિયાને ખરા અર્થમાં સાકાર કરતી પાન હેલ્થની ટીમ સ્વાસ્થ્યની સાથે કાપડ, સિમેન્ટ, સ્ટીલ, કૃષિ ખાદ્ય તેલ,પુનઃપ્રાપ્ય ઊર્જા અને ટેકનિકલ ટેક્સટાઈલ જેવા ક્ષેત્રોમાં કાર્યરત છે. આ મુલાકાતમાં સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, પાન હેલ્થ કંપનીના ગ્રુપ ચેરમેન શ્રી મનસુખભાઈ પાન, મેનેજીંગ ડીરેક્ટરશ્રી ચિરાગપાન, ટેક્નિકલ ડાયરેક્ટરશ્રી અંબરભાઈ પટેલ તથા ટેક્નિકલ એડવાઈસર શ્રી અનિલ પટેલ સહિતનાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર ખાતે ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિના સામના માટે વહિવટીતંત્રની સજ્જતાની સમીક્ષા કરતાં મુખ્ય સચિવ શ્રી રાજકુમાર

- **ચોમાસા દરમિયાન સંભવિત કુદરતી આપત્તિ સામે ગુજરાતનું વહિવટીતંત્ર સંપૂર્ણ તકેદારી સાથે સુસજ્જ**
- **કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ, લશ્કરની ત્રણેય પાંખ, રાજ્યનું આપત્તિ વ્યવસ્થાપનનું માળખું અને વહિવટીતંત્રનો સંકલિત પ્રયાસ**

કમલમ્ ન્યુઝ,

રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજ કુમારે રાજ્યના તમામ વિભાગો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ, લશ્કરની ત્રણેય પાંખના પ્રતિનિધિઓ, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સહિત વહિવટી તંત્રના તમામ અધિકારીશ્રીઓ સાથે આજે ગાંધીનગર ખાતે બેઠક યોજી ચોમાસા દરમિયાન સંભવિત આપત્તિના સામના માટેના આગોતરા આયોજન અને સજ્જતાની સમીક્ષા કરી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલી આ "પ્રિમોનસુન પ્રિપેર્ડનેસ" અંગેની બેઠકના અધ્યક્ષસ્થાનેથી મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, સંભવિત આપત્તિના સામના માટેની જેટલી આગોતરી સજ્જતા કેળવાય તેટલી ઝડપથી આપણે રાહત-બચાવની કામગીરી કરી શકીશું અને ઓછામાં ઓછું નુકસાન થાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકશે. તેમણે તમામ વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન પ્લાન જરૂરી ફેરફાર સાથે તૈયાર રાખવા જણાવી. રાજ્ય વહિવટી તંત્ર, કેન્દ્ર સરકારની કચેરીઓ, સુરક્ષા એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન રાખવા પર પણ ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે તાલુકા સ્તરેથી તાલુકા-ગામડાઓ વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન યોગ્ય થાય તે અંગે તંત્રને તાકીદ કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય હવામાન વિભાગના ડિરેક્ટર શ્રીમતી મનોરમા મોહંતીએ આગામી ચોમાસાની અસર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. હવામાન ખાતાના અત્યાર સુધીના અભ્યાસ અનુસાર રાજ્યમાં સામાન્ય કે સામાન્યથી ઓછો વરસાદ રહે તેવી સંભાવના છે. કેરળમાં આગામી તા. ૪ જૂન, ૨૦૨૩થી વરસાદ શરૂ થવાની શક્યતા છે, જ્યારે ગુજરાતમાં તા. ૧૫ જૂન, ૨૦૨૩ પછી ચોમાસાની શરૂઆત થવાની સંભાવના તેમણે વ્યક્ત કરી હતી. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી કમલ દયાનીએ આ બેઠકમાં રાહત બચાવ સંદર્ભે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે, સંભવિત ચોમાસાની પરિસ્થિતિ સંદર્ભે રાજ્યના તમામ જિલ્લાઓમાં આગામી તા. ૧લી જૂનથી ફ્લડ કન્ટ્રોલ રૂમ કાર્યરત થશે. તેમણે ઉમેર્યું કે, પરિસ્થિતીને પહોંચી વળવા માટે રાજ્ય માં એન.ડી.આર.એફ.ની કુલ ૧૫ ટીમો ઉપલબ્ધરહેશે. જે પૂરતી બોટ, લાઈફ જેકેટ તથા અદ્યતન કમ્યુનિકેશનની સુવિધાઓથી સજ્જ હશે. આ ટીમો જરૂર પડે ત્યારે રાહત-બચાવ કામગીરી માટે ખડેપગે રાખવામાં આવી છે. એસ.ડી.આર.એફની ૧૧ ટીમો પણ રાહત બચાવ કામગીરી માટે સજ્જ રાખવામાં આવી છે. ઉપરવાસના વિસ્તારોમાં વધુ વરસાદ સમયે સતર્કતા સંદર્ભે પગલાં ભરવા ઉપરાંત રાજ્યના તમામ વિભાગો દ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાનને અદ્યતન કરાયાં હોવાની માહિતી આપી હતી. આ ઉપરાંત લશ્કરની ત્રણેય પાંખ ભારે વરસાદ દરમિયાન સંભવિત આપત્તિની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય વહીવટીતંત્ર સાથે સંકલનમાં હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું. વધુમાં બી.એસ.એફની ટીમો, રેપીડ એકશન ફોર્સ (ગુજરાત ફ્રન્ટીયર)ની ટીમ તથા તેની મહિલા ટીમો પણ રાહત બચાવ કામગીરી માટે સજ્જ રાખવામાં આવી છે. આ બેઠકમાં મુખ્ય સચિવશ્રીએ આપત્તિ સામે સંભવિત વિવિધ વિભાગોની સજ્જતાની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આપત્તિ વ્યવસ્થાપન માં લોકોની સતર્કતાને મહત્વની ગણાવી આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત પૂર કે વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓના સામના માટેની પૂર્વ તૈયારી માટે લોકોને પણ જાગૃત કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી કમલ દયાની, રાહત કમિશનરશ્રી હર્ષદ પટેલ, હવામાન વિભાગ, ઈસરો, સેનાની ત્રણેય પાંખના અધિકારીઓ તથા વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ પોત-પોતાના વિભાગની ચોમાસાની પૂર્વતૈયારીઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

બારોઈની સરસ્વતી વિદ્યામંદિરમાં વિદ્યાભારતી આચાર્ય પ્રશિક્ષણ વર્ગનો શુભારંભ

ગુરુજનોએ વિદ્યાર્થીઓના ગુણને બદલે સદગુણોને જોઈને ગુણાંકન કરવું જોઈએ : એડિશનલ સિવિલ જજ પ્રદીપભાઈ સોની

વિદ્યાભારતી વિદ્યાલયો જીવન ઘડતર કરતા સામાજિક ચેતનાના કેન્દ્રો : ડો.કેશુભાઈ મોરસાણિયા

કમલમ્ ન્યુઝ,રતાડીયા

તાજેતરમાં વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન અને નિવેદીતા કેળવણી ટ્રસ્ટ મુન્દ્રા સંચાલિત બારોઈ ખાતે આવેલી સરસ્વતી વિદ્યામંદિરમાં વિદ્યાભારતી આચાર્ય પ્રશિક્ષણ વર્ગને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકતા મુન્દ્રાના એડિશનલ સિવિલ જજ પ્રદીપભાઈ સોનીએ જણાવ્યું હતું કે અનેક દ્રષ્ટિકોણથી કેસને ચકાસીને પછી જ જજમેન્ટ અપાય છે એવી રીતે ગુરુજનોએ પણ વિદ્યાર્થીઓના માત્ર ગુણને ન જોતા સદગુણોને જોઈને ગુણાંકન કરવું જોઈએ એમ જણાવી વિદ્યાભારતીની શિક્ષણ પદ્ધતિના વખાણ કરી નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ પ્રમાણે સક્ષમ કેળવતા આચાર્યોને શબ્દોથી પોંખ્યા હતા. સાદગી, સ્વચ્છતા અને સંસ્કારની સાથે ભારતીય જીવન મૂલ્યોને પ્રતિબિંબિત કરતા શાળા પરિસરમાં આવેલા પાણીના પરબનું શ્રીફળ વધેરીને જજશ્રી સોનીએ ભારતીય શૈલીથી ઉદ્ઘાટન કર્યું હતું.બાર દિવસ ચાલનારા પ્રશિક્ષણ વર્ગમાં કચ્છ સંભાગના ૧૫ સ્થાનોના ૪૪ આચાર્યો અને ૨૦ પ્રબંધક શિક્ષકો મળીને ૬૪ વિદ્યાસાધકો સંવાદ

બાર દિવસ ચાલનારા પ્રશિક્ષણ વર્ગમાં ૬૪ વિદ્યાસાધકો સંવાદ દ્વારા મેળવશે જ્ઞાન

દ્વારા જ્ઞાન મેળવશે એવી માહિતી આપતા વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ ડો. કેશુભાઈ મોરસાણિયાએ જણાવ્યું હતું કે વિદ્યાભારતીના વિદ્યાલયો માત્ર શાળા જ નહીં પણ ભારતીય વિચારથી વાલી અને વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરતા સામાજિક ચેતનાના કેન્દ્રો પણ છે. પ્રારંભમાં કેન્દ્રના સંયોજિકા ચૈતાલીબેન ભટ્ટે વહેલી સવારે ૪:૩૦થી રાત્રિના ૧૦ સુધી ચાલનારા પ્રશિક્ષણ વર્ગોની દિનચર્યાના વેવિધ્યપૂર્ણ સત્રોની સમજ આપી હતી. બાર દિવસીય નિવાસી અભ્યાસ વર્ગમાં ગુજરાત પ્રાંત સંગઠનમંત્રી મહેશજી પતંગે, ધર્મેશભાઈ જોષી, ડી.મેહુલભાઈ શાહ, અરૂણભાઈ ભીંડે, ભરતભાઈ ધોકાળ, હિંમતસિંહજી વસણ, રાજેશભાઈ સોરઠીયા, આશાનંદભાઈ ગઢવી, રાજુભાઈ ત્રિવેદી સહિતના તજ્ઞો વિવિધ વિષયોને આવરી લઈ સમયાંતરે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક માર્ગદર્શન આપી આચાર્યો સાથે સાર્થક સંવાદ કરશે એવી જ્ઞણ કારી સહસંયોજક નારણભાઈ ઓઢણાએ આપી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મહાપ્રબંધક ધર્મિષ્ઠાબેન પટેલ, નિર્મળાબેન ગઢવી, જીગ્નેશભાઈ અબોટી સહિત સમગ્ર વિદ્યાલય પરિવારનો સહયોગ સાંપડી રહ્યો છે એવું પ્રશિક્ષણ વર્ગના માર્ગદર્શક ડો. કેશુભાઈ મોરસાણિયાએ એક યાદીમાં જણાવ્યું હતું.

ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરી શકશે અમદાવાદના નાગરિકો

કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ તેમજ રાજ્યકક્ષાના કૃષિમંત્રી શ્રી બચુભાઇ ખાબડ કેસર કેરી મહોત્સવ ખુલ્લો મુકશે

કમલમ્ ન્યુઝ,

ગુજરાત સરકારના એકમ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કેસર કેરી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તારીખ ૧૮ મે, ૨૦૨૩ ગુરુવારના રોજ સવારે ૯:૩૦ કલાકે અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે રાજ્યના કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ તેમજ રાજ્યકક્ષાના કૃષિમંત્રી શ્રી બચુભાઈ ખાબડ કેસર કેરી મહોત્સવ ખુલ્લો મુકશે. ૧૮ મેથી ૧૭ જૂન દરમિયાન ચાલનાર આ મહોત્સવમાં કેસર કેરી પકવતા ખેડૂતો સીધુ વેચાણ કરશે. અમદાવાદના નાગરિકોને કેસર કેરીનો અસ્સલ સ્વાદ અને ખેડૂતોને સારું બજાર મળે તે હેતુથી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન કેસર કેરી મહોત્સવનું આયોજન કરે છે. આ ઉપરાંત વ્યાજબી ભાવે ઉત્તમ ગુણવત્તાયુક્ત કેરી મળવાને કારણે પ્રતિવર્ષ અમદાવાદના લોકો કેસર કેરી મહોત્સવની રાહ જોતા હોય છે.

ગોલ્ડન બ્રિજની આજે ૧૪૬મી વર્ષગાંઠ : હજૂ પણ અડીખમપ

ઇતિહાસ અને કારીગરીનું બેજોડ ઉદાહરણ એટલે ગોલ્ડન બ્રિજ



કમલમ્ ન્યુઝ,

ભરૂચ ખાતે અંગ્રેજ સર જોન હોકશોએ ગોલ્ડન બ્રીજને ૭ ડિસેમ્બર ૧૮૭૭ થી બાંધકામ કરવાની શરૂઆત કરી હતી. ૧૬ મે ૧૮૮૧ ના રોજ સંપૂર્ણ બનીને તૈયાર થઈ ગયો હતો. આ ગોલ્ડન બ્રિજ ની આજે ૧૪૬મી વર્ષગાંઠ છે અને આટલા વર્ષ પછી પણ અડીખમ છે. ૧૮૬૦માં રેલ્વે લાઈન નાખવાના કામ સાથે -સાથે ગોલ્ડન બ્રીજને બાંધવાની યોજના પણ શરૂ થઈ હતી. આ પહેલા પૂરના કારણે ગોલ્ડન બ્રિજના ઘણા ભાગો તૂટીપડ્યા હતા. વર્ષ ૧૮૭૭ થી તેના બાંધકામ સહિત આ પુલ પાછળ અંદાજિત અઘધ રૂપીયા ૮૫,૯૩,૪૦૦ નો ખર્ચ થયો હતો. આ બ્રીજને બનાવવામાં એ જમાનામાં જ અઘધ.. ખર્ચ થતો રહ્યો તેથી આ બ્રિજને "સોનાનો પુલ" એટલે ગોલ્ડન બ્રિજ તરીકે ઓળખ મળી હતી. ગોલ્ડન બ્રિજ નર્મદા પુલ તરીકે પણ ઓળખાય છે. એક સમયે અહી ૨૪ કલાક વાહનોથી ધમધમતો હતો. જો, કે આજે પણ અનેક લોકોને ગોલ્ડન બ્રિજમાંથી જ પસાર થવાનું ગમે છે. ગોલ્ડન બ્રિજના ઈતિહાસ અને કારીગરીના અજોડ ઉદાહરણરૂપ આ બ્રિજનો વૈભવ સહેજપણ ઓછો થયો નથી. આજે પણ તંત્ર દ્વારા ગોલ્ડન બ્રિજ સ્થિત દોડ, યોગા દિવસે યોગાસનો સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા "અમને ખોરકની જરૂર છે નહિ કે તમાકુની" થીમ સાથે સાયકલ રેલી યોજાઈ

હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર સહ શહેરી પોલીકલીનીક યુ.પી.એચ.સી રાજપીપલા થી પ્રા.આ.કેન્દ્ર પોઈચા સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું

કમલમ્ ન્યુઝ,

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે ૩૧ મે ના દિવસે "વિશ્વ તમાકુ નિષેધ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે નર્મદા જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પટુંના માર્ગદર્શન અને જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જનકકુમાર માઢકના નેતૃત્વમાં આરોગ્ય વિભાગ દ્વારા સાયકલ રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. સાયકલ રેલીની શરૂઆત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર સહ શહેરી પોલીકલીનીક યુ.પી.એચ.સી રાજપીપલા થી પ્રા.આ.કેન્દ્ર પોઈચા સુધી જઈને પરત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર સહ શહેરી પોલીકલીનીક યુ.પી.એચ.સી રાજપીપલા ખાતે પૂર્ણ કરવામાં આવી હતી. આ રેલીમાં મુખ્ય થીમ "અમને ખોરકની જરૂર છે નહિ કે તમાકુની" માત્ર ધૂમ્રપાન કરનારાઓ જ નહીં પરંતુ તેમની આસપાસ રહેતા લોકોના સ્વારથ્ય પર ધૂમ્રપાનથી થતી પ્રતિકૂળ અસરો વિશે લોકોને જાગૃત કરવાના હેતુથી સાયકલ રેલીનું આયોજન કર વામાં આવ્યું હતું જેમા રાજપીપલા શહેરનાં સાયકલીસ્ટ તેમજ આરોગ્ય વિભાગનાં અધિકારી-કર્મચારીશ્રીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

સાપુતારા સંગ્રહાલય ખાતે ગુજરાતના સંગ્રહાલય વિષયક પ્રદર્શન યોજાશે

કમલમ્ ન્યુઝ,આહવા

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજ્યના માર્ગદર્શન હેઠળ નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલયની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત, સાપુતારા સંગ્રહાલય ખાતે તા.૧૮ મે - આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day) ની ઉજવણી કરાશે. આ ઉજવણી અંતર્ગત નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલયની કચેરી ગાંધીનગર દ્વારા સંચાલિત, ગુજરાતના વિવિધ સંગ્રહાલયોની માહિતી પ્રદર્શિત કરતું પ્રદર્શન ગુજરાતના સંગ્રહાલય પ્રસ્તુત કરાશે. આ પ્રદર્શન તા. ૧૮ મે, ૨૦૨૩ થી તા. ૩૧ મે, ૨૦૨૩ દરમિયાન, સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી નિહાળી શકાશે.

કમલમ્ ન્યુઝ,

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા હાલ "ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ ૨૦૨૩" ચાલી રહ્યો છે. તા.૩૧મી મે સુધી ચાલનાર આ કોચિંગ કેમ્પ અંતર્ગત ગાંધીનગર ખાતે હેન્ડબોલ રમતનાં કેમ્પ દરમ્યાન આજ રોજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેક્ટર જનરલ શ્રી અશ્વિનીકુમારે મુલાકાત લીધી હતી. "ખેલે ગુજરાત સમર કોચિંગ કેમ્પ"માં નિષ્ણાત કોચ અને ટ્રેનર દ્વારા યુવા ખેલાડીઓને આપવામાં આવી રહેલી તાલીમનું અગ્ર સચિવશ્રીએ સ્વનિ રીક્ષણ કર્યું અને ખેલાડીઓનો જુસ્સો વધાર્યો હતો. રાજ્ય કક્ષાની આવી રમતગમત તાલીમ દ્વારા ખેલાડીઓના ખેલ ઉત્સાહ માં વધારો થશે અને સાથે સાથે તેમનું કૌશલ્ય વધુ નિખરશે.

• Printer/Publisher/Owner & Editor: Mahesh N. Patel. • Printed At: Captial Offset 801/1, G.I.d.c. Sector-28 Gandhinagar, Gujarat-382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028